ૐ

ગોવિંદકૃત—

ભજનમાળા.

રચનાર —

ભક્ત ગોવિંદજી શંકરજી.

મુ. ઉનાવા. તાલ સિધપુર.

છપાવી પ્રસિદ્ધ કરનાર—મુકુંદલાલ છગનલાલ પટેલ

પ્રસિદ્ધ કરવાનું ઠેકાણું—રૂપનારાયણ રેવડીઆરી—સુરત.

છાપનાર—ઠાકોરદાસ [illegible].

છાપવાનું ઠેકાણું—" [illegible] વિજય પ્રિન્ટીંગ પ્રેસ "

[illegible] —સુરત.

સંવત ૧૯૭૧. પ્રત ૧૦૦૦. સને ૧૯૧૫.

આવૃત્તિ પહેલી.

કીમત ૪ આના.

ોવિંદકૃત ભજનમાળા.

સાખીઓ.

પ્રથમ નમુ ગણપતીને ગુરૂને લાગુ પાય,
સરસવતી મારી જીભે વસો ગોવિંદ ગુણ ગવાય. ૧
વાણી ગાવું પ્રથમથી સુધારજો સંત સુજાન,
શક્તિ આપી જે શ્રી હરીએ તે તો ગાઉશું ગ્યાન. ૨
ભુલચુક જે હોય અમારી ધરશો નહી કોઈ રોશ,
સુધારો વધારો કરી લેજો જે હોય અમારો દોશ. ૩
પુરૂં તો હું ભણ્યો નથી લખાવું કરી ઓશીઆળ,
શકત ભુલચુક હોય તો સુધારજો દીનદયાળ. ૪
સાખી જગતને હું નમું લઉં શ્રી હરીનું નામ,
ા ભજન ગાય તેને ગોવો કરે પરણામ. ૫
ગ્યા ઘા મટિ જાવે નીકળા વચન સુધ ના થાય,
ગકા ડાગ અડે તો ગોવા મુવે જાય. ૬
વાસ કરે તીરથ ફરે પ્રપંચનો નથી પાર,
ફોગટ તે આથડે પુન ના થાય તલભાર. ૭
શરમી પુન કરે દીલમાં નથી દયાય,
ીને નથી આપતો તો ક્યાંથી ફળ થાય. ૮

પઈસો ભાળી બેઠો ગયો ભગતી જરા ના થાય,
કેટલા દહાડા ફરે ફુલતો ખબર અંતે તારી થાય.
દુનીયાં ચડી ગાડરી આ પરભાવે વળે ત્યાં ચાલી જાય,
સંતની સેવા કર્યા વીના ગોવા કલ્યાણ ના થાય.
પરનારી પર નજર ઠરાવે એતો મુરખ ગમાર,
નરકનો વાશી થવા બેઠો ખાશે જમનો માર.
પપંચથી પૈસો મેળવ્યો ધણી થઇ લક્ષ્મી પાસ,
ગોવા ગોવિંદના ભજન વીના સદા જમનો વાસ.
પ્રભુએ માયા કેવી રચી વળગ્યું છે એક પેટ,
શેર અનાજનું કામ છે તોય ના થાય હરી વેટ.
રાખ હરીનો આશરો પુરી કરશે આશ,
તેનો તો છુટકો નથી રાખે ગોવા વીશ્વાસ.
મેલ તુ મુમતા પડી સાંભળ મતીમંદ.
મોત વીશારી કેમ ફરતો ફોગટ છે આ ફંદ.
ભજન કરવા ભેગા થયા કરે ખેંચાતાણ,
ગોવા નથી તે જાણતા હજુ છે અજાણ.
ભગત તું નથી થયો હજુ છે અભીમાન,
ગોવા ખાલી ગાય છે ચડસુ છે તેને તાંન.
સંતને નથી નમતો છે મોટી ખોડ,
તારજો ભગત નથી થયો પદ ચડાય કરોડ.
પરનારીના સંગથી કોક દીન ફેસતાય

દુનીઆમાં માન ઘટે અંતે નરક જાય. ૧૯
નબળાના સંગથી નબળો તે ગણાય,
ચોરી કરનારના સંગથી શાઉકાર માર ખાય. ૨૦
સીધ જોગી બેશા રેવે પાખંડી પુજાય,
દુનીઆંને તો ગમ નથી ધામ ધુમ હોય ત્યાં જાય. ૨૧

૧

વાડી તારી ફુલડેરે છાઇ માલીક તારી વાડી ફુલડેરે છાઇ—એ રાગ.

ગણપતી ગુણ ગાયો સદાશીવ ગણપતી ગુણ ગાયોરેજી,
સમરતાં વાલો વેગે આયો રીધીસીધી સબ લાયો
ગજાનંદ વાલો ગણપતી ગુણ ગાયોરેજી.
ગણપતી ગુણનીધી કીજીએ સમરેથી વારે આયોરેજી
સમરતાં વાલે સંકટ ભાગ્યાં સમરેથી સુખ આયો
ગજાનંદ શામી ગણપતી ગુણ ગાયોરેજી
તારા મંડળમાં ગયા તારે અંદર મનથી મલકાયોરેજી
શરાપ બોલી તેનો મન ગટાયો,
દેવે જસ તારો ગાયો ગજાનંદ શામી ગણપતી ગુણ ગાયોરેજી.
આદ દેવ ગણપતી કીજયે, દરીઆમાં પરગટ થયોરેજી,
બ્રમા વીસનું શંકર ભજત હે, ગોવો સરણે આયો.
ગજાનંદ સાંમી ગણપતી ગુણ ગાયોરેજી.

૨

રાગ ઉપરનો.

અજબ બની તારી વાડી વાલાજી મારા અજબ તેરી વાડીરેજી
ફુલને પાંખડી કાચાં પાકાં તોડે, વાલા વેલા વીનાની આ વાડી,
વીના સરોવર નીરમળ જળ ભરિઆ, માંય ખીલાં ફુલઝાડી. વા.
નીરમળ જળના અંત નહી આગ, માંય મુકી મોહ ખાડીરેજી, વા.
એ વાડીમાં ભમર લોભાયા, મોહ પામયાં દાડી દાડી. વા.
ગોવો ગોવીંદ હેતે ગાયો, ખોટી છે આ ખાડી. વા.

૩

મન તું સમરણ કર હરના, એક દીન જાન હે મરના.—એ રાગ.

તું સમરણ કર હરદમ, પલકમાં નીકલ જાયગા દમ.
ખાલી રાખત હે આસા, જળથી જાયગો પીઆસા. તું.
જુઠાને સાચું તો માની, ગોવીંદની ગત ના જાની,
ખાલી માથું શું કુટે, પલ પલ આયુશ તો તુટે. તું.
નથી અમર રહેવાની કાયા, જુઠું મોહને માયા,
જો કોણ અમર રહેશે, ચાય તો લખોપતી થાશે. તું.
પૈસાદાર થયા મનથી મોટા, હરી ભજન વીના રોતા,
કાળનું ચક્ર તો ફરશે, સહાય તારી કોણ તહાં કરશે. તું.
ગાવે ગોવરધન બંકા, દીયા વઈકુંઠમાં ડંકા,
હરીએ હેત તો કીધું; જીવતે વઈકુંઠ બતાવી દીધું. તું.

૪

રાગ ઉપર પ્રમાણે.

કાયાનું ઘટ તારૂં કાચું, એક દીન ફીકું થશે ડાચું,
અલ્યા તું શું જોઇ ફુલે, મુરખ તું અધવચીઆં ડોલે.
સદા તું પડપંચ કરતો, મુરખ પેટ પાપથી ભરતો,
પાછો વળી જરા ના જુવે, નેન ભરી અંતે તું રૂવે.
નારી પુત્ર સઉ સગાં, અંતે રહેવાના અળગાં,
મરવાનું સઉકો જાણે, તોયે રહયો તરીકાં તાણે.
ગોવા તું વેરાગથી ગાજે, મોહનાં ઢુંકડા નાં જાજે,
હરીનું સરણ તેં લીધું, કામ સાચું તેં કીધું.

૫

રાગ ઉપર પ્રમાણે.

હરદમ હરી સમર લેના, દુનીઆમાં તન નહી દેના,
સઉ મતલબકા સંગી, અંતે કોઇ નહી અંગી. હર.
ફુકડ થઇને ફરીશું ખાસા, એક દીન જંગલમેં વાસા,
હજુ કરીલો તપાસા, ખરી ધણીની આસા. હર
અરે જુધે ખોટામાં ગાજે, ગોળમાં માખી જેમ બાજે,
એનાથી થાય ઘણુ દુઃખી, તોયે માંની બેઠો સુખી. હર.
ગોવા તું ઘણુંએ કહાવે, હઇએ તો કોઇ ના નઇ આવે,
તું તારૂં સંભારી લેજે, હરીના ચરણુંમાં રેજે. હર.

૬

રાગ ઉપરનો.

અલ્યા તું કહ્યું માન મારૂં, એક દીન થાસે અંધારૂં,
સુરતીનું વાક્ય નથી ધરતો, પાણીમાં મુઠીઓ ભરતો. અ.
કાગથી થઈ છે સહેની, હવે તો રેજે તું ચેતં.,
તારે તો ગાયેલું જાુ ટાણું,હવે તો આવી પહોંચ્યું આણું.અ.
દયા તું હૈયે નતો ધરતો, ભકત જોઈ તું અવરો ફરતો,
રોગ તો નાંસોનસ ભરાયો, તેથી જીવ ઘણો અકરાયો. અ
સંતનો સંગ કરીયો હોત, કાયા જટ તો મુકોત,
અંતે સરવે ખેલ ખોટા, એકદમ સુટ જાય લગોટા. અ
ગોવાને ગુરૂ મલ્યા જ્ઞાની, પકડી સતની નીસાંની,
સદા ધરતો એધાંના, મુકી માન ગુંમાના. અ.

૭

કહતે વાંણું રાધાની માટી જાગી.

ફરી ની આવે ટાણું રે કેવું વાસે વાણું,
હજુ હરી નામ નાં જાણું રે. ફે.
જીવડલા તું તો આડો આવરો દોડ, નાં લેવાની વસતું હારેરે. ફે
જીવડલા તું તો જુઠામાં સુ જોઈ મોહ્યો, તે ખરો હીરો ખોસોરે. ફે.
જીવડલા તને દુખ દરીએ ડુબો, તોયે તેમાં સુ લોભયોરે. ફે.
જીવડલા તને સંસારી સુખ લાગે સારૂ, તેથી ખોદરાવ્યું
મુળ તારૂંરે. ફે

જીવડલા તું તો જુઠું જોઇ થયો રાજી ત્રીપુટીમાં રયો હાજીરે. કે
ગોવાને વાલો હેતે કરીને મલી આ, ચોરાસી ફેરા ટળી આરે. કે.

(૮)

રાગ ઉપરનો.

તું ભર નીદરામાં ભરાયોરે, જાગીને જોને,
તારો ખરો પારસ ખોવરાયોરે જાગીને જોને–એ ટેક.
ઉંગ્યો ઉંગ્યો સરવે તીતો ગમાયો, હવે ખરો અવસર આવ્યોરે. જા.
આજો અવસર ચુકયો તો લખચોરાસીમાં ડમકયો અનંત
ફેરા ફરસોરે. જાગી.
તારી લુંટાય છે વાડી માંયથી ચોર મુકો કાઢી તો મલસે
નાવ ગાડીરે. જાગી.
તમે માંગ્યો સુખ ખાસો પણ પસે પસ્તાસો અંતે ખુબ
ગભરાસોરે. જાગી.
આયા તો સુઠીઓ વારી એ જોજો નીહારી ટાણું જાસે
મારી તાલારે. જાગી.
ગોવાના સાંમી ગાસો તો સુખીઆ થાસો અંતે વઇકુંઠ જાસોરે. જા.

૯

રાગ ઉપરનો.

તારા ખારવા છે ખોટારે સાંભળ જનવા,
તેથી ડુબવાના છે મોટારે,—સાંભળ.

ડુબશે તારૂં નાવ, તો ચુકશો આ દાવ,
વાગ્યો નહી મટે ઘાવરે—સાંભળ.
તારૂં નાવ ડગે છે, ખારવા તને ઠગે છે,
આ ચકરીમાં ભમેછે રે.—સાંભળ.
તારા ખારવાને ચેતાવો, પછી હરી ચરણું આવો,
પછે લ્યોને વૈકુંઠનો લાવોરે.—સાંભળ
ખારવા ખોટા ખુબ, તેથી બાજ તારૂં ડુબે,
તું ભુંડો થઇને રૂંએરે.—સાંભળ.
ખેવટીઆ શોધો સારા, તેથી ઉતરો ભવપાર,
બતાવે નીગમ આરારે—સાંભળ.
ગોવાને ગોવીંદ ભેટ્યા, સામી તીરે બેઠા,
ડુબવાના બે મટ્યારે.—સાંભળ.

૧૦

રાગ ઉપરનો.

તું કેવી રીતે જીતેશ ખોટું છે ખાડું,
આ લડઇમાં તને વાંતેરે.—ખોટું.
આ માહા ભારે સંગરામ,
એમાં નથી કાયરનું કામ;
એવું અવીચર નામરે—ખોટું.
પાંચ જબરા જોધા એમાં કાયર નાં મળે સોધ્ય;
એમને પકડીને તું ધ્યારે—ખોટું.

બાંધો પરમારથ હાલ્યો નીઃગુણુ રાખો,
બાલો એને પકડ હેડમાં ગાલેરે—ખોટું.
કર સતસંગ સંતાનો થાય ભંગ,
તો ચડે અવીચર રંગરે—ખોટું.
ગોવાને થઇ છે ગમત,
હરીની દેખે રમત, દરસન દેજો નીતનીતરે—ખોટું.

૧૧

વહાલા પ્રેમને વશ થયા રાજરે—એ રાગ.

વાલો પ્રેમને વસ સ્નેહીરે, તેને સમરી થાવો વીદેહીરે. ટેક.
પ્રહલાદ કારણ વાલો સ્થંભમાં વસીયા, હરણાકસ નાંખ્યો મારી.
મંજારીનાં બાળ ઉગાર્યાં, હારે વાલે ગજેંદ્ર લીધો તારીરે. વા.
સવરીનાં વાલે બોરજ ખાધાં, ટીટોડી મુકી ટાળી,
અરજુનનો રથ હાંકે વનમાળી, વીદુરની વાલે ભાજી ખાધી.
દ્રોપતીની વારે ધાયો, વાલે ગોકુળમાં ધુમ મચાયોરે, વા.
મહી માંખણનો ચોર ગણાયો, પ્રેમ હોય ત્યાં જાતો,
જીનેમાને ઘરમાં પેસી જઇ, વાલો માંખણ લઇ ખાતોરે, વા.
નીગમ સુગમ હુવો ગોપીકાને, તેનો પાર ના આવે,
ગોવાને દરસન દેવા ગુપ્ત રહીને આવેરે. વા.

૧૨

રાગ પરજ.

લાગી દુનીઆંની તને મોહનીરે, બુદ્ધી થઈ છે કઠોરરે,
ફોગટ ફંદમાં ફુલી ગયો, જેવું હરાયું ઢોરરે—લાગી.

સુખ દુઃખ બંને આવસેરે, સમજુ રાખસે સમાંનરે,
તેવું જો મનમાં લાવસે, તેથી થાસે હેરાનરે—લાગી.
ગોવા ભગતની વીનતીરે, વીતી કહુંછું આપરે,
પંદર સુધી સુખ પાંમીઆ, પછે મરી ગયા બાપરે—લાગી.
ઘર ખેતર તો વેચાઈ ગયા, તેથી અકળાય મનરે,
ગરીબ ઘરનું થયું ખોળીયું, ખાવા મલે નહીં અનરે.—લાગી.
માતા હીયા મને આપતીરે, દુખી થા નહીં બાળરે,
ખોટો ખેલ સંસારનો, મીથ્યા આળપંપાળરે.—લાગી.
સુખ તે પાછું આવીઉંરે, ઘેર શાંતીવાન નારરે,
પુત્ર તે પારણું ઝુલતો, હાથ રેશમનો રોજગારરે—લાગી.
રસોઈ જમવા માત હાથનીરે, જુવો કુદરતી કાંમરે,
દુખ સુખ બને આવશે, હઈયે સાચું હરી નાંમરે—લાગી.
માત પુત્ર નારી તો મરી ગયાંરે, નડયો પલેગનો રોગરે,
અકળ કળા કીરતારની, જુવો કેવો મળ્યો જોગયે—લાગી.
દુખ સુખ ઘટ સાથે આવશેરે, રાખો હરી ઉપર ટેક,
થનાર વસ્તુ તે થયા કરે, ગોવો પંડે રહ્યા એકરે.—લાગી.

૧૩

રાગ પરજ.

એક થયા તો ભલે થયારે, રેહશે હરી ઉપર ટેકરે,
બે હતા તે ભાગી ગયા, મારી નીરતોમાં મેખરે—એક.
ગોવીંદ ગાવો તમે રંગમાંરે, ખેલો ખાંડાની ધારરે,
સુખ નથી દુનીઆં સંગમાં, મિથ્યા વેઠોછો ભારરે.—એક.

નારી પુત્ર જીવત તો રે, વસમી વેવારની વેઠરે,
આવરણનું બળ વધી પડત, વીસરી જાય હરી શેઠરે.—એક.
મુરખ હશે તે મે.હી રેશેરે, ભજો ગોવીંદા નામરે,
ખોટો ખેલ જંજાળનો, ગોવા નથી અહીં ઠામરે.—એક.

૧૪
રાગ પરજ.

ગોવા રમે ગ્યાંન ગંગમાંરે, રમે ખાંડાંની ખીતજો,
નીર તો નીસાંન ડેરા ઠોકીઆ, પામ્યા ભકતાંની રીતજો—ગોવા.
પ્રેમથી આસન મારીયુ રે, ધરી ધારણ ધીરજો,
સોહુંગ શબ્દ સાધીયો, દીઠા તર વેણી તીરજો—ગોવા.
બોતેર હજાર એક થઈરે, પામ્યા સુખસમણા સારજો,
ખટ ચક્ર ફરી વલ્યોરે, વરસે તર વેણી ધા.જો—ગોવા.
જીવ તે સીવમાં ભરી ગયારે, પામ્યા સરવે સારજો.
દૈવ ચકસુ ઘોવા ઊગડયાંરે, આયો તરત પારજો—ગોવા.

૧૫
રાગ ઉપરનો.

વાલી વસતુ તો આવી મલીરે, સફર થયો અવતારરે,
ફુલને ફર તે તો વરસનારે, તેમાં મલી ગયો તારરે—વાલી.
તીતથી સીવ થયોરે, તેમાં રાખવું ધ્યાનરે;
જીવ તો જગમાં ખીલી રયોરે; તેને માંન ગુમાંનરે,—વાલી.
હું પતથી નથી હારતોરે, ગટ ગટ જુંદું જોરરે,

અવીદયા મુળ આવી પડયું, તેથી ભુદ્ધી છે કઠોરરે–વાણી.
જીવ તો સીવમાં મળી જસેરે, તારે થયો તે સુખરે,
સીવ તો તીતમાં ભળી જસેરે, મટી ચોરાસીનું ધરે–વાણી.
નાંનાં જળ તે નદીઓમાં ભળરે, નદીઓ સાગરમાં જાયરે,
ભોવા ચોરાસી ત્યારે મટે, જો જીવ સીવનાં હોયરે–વાણી.

૧૬

કાયકુ દેહ ધરી રે ભજન તો વીના કાયકુ દેહ ધરી એ રાગ.
નહી આવે ફરીરે મનવા તો જનમ નહી આવે ફરી,
તોયે ના બેઠો તું ઠરીરે. મન.
સ્રીપુત્રી ફંદમાં ગયો તું ગભરાયો તોયે જોતો નથી જરીરે મન.
મુનસા દેહ સે દેવતાને દુલભ, એરે દેહો ધરીરે. મન.
જરા ભજનમાં હયડું નથી ઠરતું, કાલે જસો મરીરે. મન.
ભોવા ચેતો ચીત રાખીને, કાર જાસે ચરીરે. મન.

૧૭

રાગ ઉપરનો.

આવો ભજમમાં ધઇને, મુરખડા મનવા આવો ભજનમાં વઇને
સુ જાસો તમે લઇને. મુર.
આસાનો મેલ તે ઉંચો ચણાયો, કાચો છે પાયો જોજઇને. મુર.
સુપનાનું સુખ જાગે નીકલ છે, સુખીઆ થયા છો સું જોઇને. મુર.

સુપનામાં ખાધે સું ભુખ જાસે, અલ્યા એમાં સુ રહ્યા છે
તન દઇને. સુર.
ગોવાનો વાલો ગીરધર મલીઆરે, રાજી થયો ગુણ ગઇને. સુર.

૧૮

રાગ ઉપરનો.

જાસો કાલે મરીરે ભજન તો વીના એક દીન જાસો મરી,
નથી રેવાના આંય ઠરીરે. ભજ.
કાચો કુંભ કાયા કયાં લગી રેસે, એક દીન જાસે ખરીરે. ભજ.
દીવાનું જુસ પવનમાં કેટલું રેસે, પળમાં જાસે ઠરીરે. ભજ.
પંખી ઉપર બાજ ચકરી ખાતો, કાળ રચો ગુગવાટા કરીરે ભજ.
માના ઉદરમાં કાલાવાલા કરતો હવે ખુધીયો ફરીરે. ભજ.
જનમ્યા પેલું તો વાલે દુધ લાવી મુકયું, એ કેમ ગયું વીસરીરે ભજ.
ખાતા સીખ્યા પેલાં દાંત લાવી આપ્યા જોને દયા કરીરે. ભજ.
ગોવા ભજન વીના જે નર જાસે, ખાલી ગરથુથી કરીરે. ભજ.

૧૯

રાગ ઉપરનો.

સું જોઇ નીરાંતવો બેઠોરે ભજન તો વીના સું જોઈ નીરાંતવો બેઠો.
ખોટો કાળ આવીને પેઠોરે.—ભજન.
પુનના માટે પઈજઈનાં વાપરે, હાથ નથી કર્યો એંઠારે—ભજ.
ગોવીંદ ગુણ હેતે ન ગાયા, ઠઠા મસકરીઓમાં પેઠોરે—ભજ.
તારૂં કરૂં તને નડશે, મોહ લાગ્યો છે મીઠોરે—ભજ.

હા નાં કરતાં આયુશ તારૂં ખુટયું, હવે મરવા તું તો બેઠોરે-ભજ.
જમે આવીને જોરથી ઝાલ્યો, પછે ચીંતામાં પેઠોરે-ભજ.
ફુલતા ફરો પણ અંતે ખબર થાશે, જારે આવીને મલશે નેઠોરે-ભજ
ગોવાને જારે બીતર લાગી, હરી ચરણે જઇ બેઠોરે.-ભજ.

૨૦

રાગ ઉપરનો.

રૂડી રસોઇઓ કરીરે જીવણજી જમો રૂડી રસોઇયો કરી,
લાડુ સાકને અડવીનાં પાતરાં, થાર મુકયો ધરીરે. જીવણજી.
પ્રેમનાં ભોજન પ્રીતેથી જમીએ, દાર તુવેરની કરીરે જીવણજી.
દાળમાં જોઇએ તે માંગીને લેજો, મીઠું જીરૂં મરીરે. જીવણજી.
જમો મારા વાલા ભોજન તમને પીરસું, કે જો કાંય હોય ચરીરે. જી.
ગોવાનો સામી પ્રેમ સ્નેહી, દરશન દીધાં દયા કરીરે. જીવણજી.

૨૧

જમ નીત મારે જપાટારે ચેતનચારા ચેતો. એ રાગ.

હોકા અજબ હમારારે, હોકા ગુડ ગુડ બોલે,
બોલાવે તે તો ન્યારારે તેના કોય ન આવે તોલે.-અજ.
ત્રણ ગુણના હોકા બનાવ્યા, ભરમ અગનીપર જલાયા,
સોહંગ નામના સા સા ખેંચ્યા, સુંન સીખર ગરગડાયા-અજ.
સુરતાથી હોકા નીરખીઆ, ગ્યાંનથી ગેરાયા,
સાસોસવાસથી ખેંચવા માંડયાં, સબહી નુર દેખાયા-અજ.

પાંચ તતવકા હોકા હમારા, સંત ગ્યાંની જાણે,
નુંગરાકું તો ગમ નહી, ખાલી તરીલાં તાંણે-અજ.
આ હોકાને કુંણ બોલાવે, તેને ગાવા સોધો,
બીજાં તમે વળખાં મારો, તેમાં મોટો વાંધો-અજ.

૨૨

વાલો પ્રેમના વસ સનેહીરે એ રાગ.

વાલા પાછા વળી કયાં જાયોરે, થોડા માટે કેમ રીસાવોરે,
મારેરે છે તમારાથી દાવોરે-વાલા.
હું તો નાતે છું બ્રમભાટ, વણવાનો ધંધો કરૂં છું વણુંસુ, ગાટ
કાંમ મારૂ ગુચંળ્યું તેથી સુધારતો તો પાઠ તેથી તને બાહર
નાં હેવરાયોરે, વા.
કોઈ નારીએ ભરમાયોરે, વાલા મેં તો તને સપાત.
જાંણી બાંધી તારાથી પ્રીત વાસુદેવના કુંવર તમારે
આવું જોઇએ નીત.
એક વખત આવો નાં કીધું, એટલામાં છોડી દોછો પ્રીત,
મારા સમ પાછા નાં જઇએરે-વાલા.
મોહન તમે મતી છો ગણા જાઝુ સું કહીએ,
દાસના આ કાલાવાલા તે તે હઇએ ધરી લઇએ.
હવે ઘરમાં આવો તો ચરણે રહીને સુખીઆ થઇએ,
નીત જશ તમારા ગાઇએરે આઠ પહોર આણંદમાં રઇએ. વાલા.
ભકતોની વારે આવેરે ગોવાને લાડ લડાવે,

ગાય શીખે ને સાંભળે, ગરભવાસ ના આવે,
વાલાના લગાડો ખોટુ રે, મારૂં સરણું તમારૂં મોટું. વાલા.

૨૩

રાગ ઉપરનો.

પ્રભુ પ્રેમની ગોલી વાગીરે, જેને મોહ જંજાર મુક્યાં તજીરે,
જેને કુડી કલપના સરવે ભાગીરે. પ્રભુ.
પ્રેમના જે વસ થયો, ભાંતીની બે ભાજી,
સંસારમાં મન જરા નાં ડોલે, વરતી નાં ફરે જાજી,
તેના માથે મોહન રહ્યા ગાજીરે. પ્રભુ.
ભક્તની જે નીંદા કરે, તે વસતી કેવાય નાંગી.
સંકટ પડે વારે ધાશે હરી વાલો સોહાગી,
ભકતો દુખે રહયો દાજીરે. પ્રભુ.
રોહીદાસ જાતનો ચમાર હતો, હરી ચરણું ચીતરૂં લાગી,
પ્રેમ કરી ટકો મોકલો, તો હરીએ લીધો માગીરે,
જરા વાર નાં કીધી જાજીરે. પ્રભુ.
ગોવા ગોવીંદ ચરણે રેજો, ભુલશો નહી આ બાજી,
સદા ભકતી લેજો તમે માજીરે. પ્રભુ.

૨૪

રાગ ઉપરનો.

આવો ગોવીંદ ગુણ ગાઇએરે, તેને સમરીને સુખીઆ થઇએરે,
નીત સ્નાન ગંગામાં નઇએરે,

પરણુ કેહતાં પાપ ભાગે, હરી કેતાં હરખાય,
ભજન કીરતન ભારે તારે, બહુ રાજી થાય,
તેના દરશનથી સુખીઆ થઇએરે. ભક્તો આવે.
અંત સંગ સોગતો કરે છે, આનંદ વરતીએ નાચ,
ભુચા માણસનો સંગ ના કરે, તેના ઘેર નાં જાય.
તેના દરસનથી પાવન થઇએરે. આ.
નઠારા માણસ છેટે રેજો, મળજો ભક્ત રાય,
જેના મુખે રામ નાંમ, બોજો સબદ નાં થાય,
તેની સેવામાં સદા રઇએરે. ભ. આ.
પ્રેમથી ગોવીંદ ગાયસે, તેનો મોખસ થાય,
પાપ તેનાં બરી જશે, અંતે સુખીઓ થાય,
ગોવા ગોવીંદ ચરણે થઇએરે. ભ.

પદ—૨૫ (રાગ કાફી.)

સાચું પદ જાણુરે, તે તો નર કેમ ડરે,
હરીહર ભાસેરે, મનડું તો તેનું ત્યાં ઠરે.
સાગરમાં જેમ મીન નાચ તેમ હરીહરીમાં ભમે,
સંસાર તેવું નજરે ના આવે, મનડુ તેનું તેમ રમે,
ભાગી છે જેની ભાંતીરે, હઇએ તો સદા હરી ઠરે. સા.
ચઉદ લોક સાકરનું નારી ઓર, કુચો કાસદી કાંય ન મળે;
મુગા હોય તે તો ફાંફા મારે, ગુરૂગમ હોય તે કળે.
બીજું નજરે નાં આવે રે, બળતાં તો તેની તાં ઠરે: સા.

બગલો હોય તે મોતી ચાય, તે તો બધી ખોટી વાત.
મોતી તો હંસ ચરે, જેનાં માથેસે પુરણ જાત;
નીરમળ જળ પાણીરે, ખાડો હોય તો હરે; સા.
પાણીના પરપોટા, તે પાણીમાં સમાય;
મીઠાની પુતળી જળમાં નાંખો, ભેગી કયાંથી થાય.
ગોવાની મતી તે મારે, સદા તેનું ધાન ધરે. સા.

પદ ૨૬. (રાગ ઉપરનો.)

મીથ્યા ફાંફા મારોરે, ગટમાં રહ્યો કુણ ગાજી;
વાત નથી કરતો રે, તેને તો તમે રો બાજી,
સાંપલાનું જો માંથુ પકડવુ હોયતો, ગમે તેટલી મારો દોટ,
દલીઓ તો ગમે તેટલી કરો, પણ બધી માંથાકુટ;
ફાંફા મારે અવળાંરે, સુઇ ને રો તમે બાજી. મી.
કુરજકનો અંત એવો, તે લાડે ભજન ગાવા જાય,
ગાય બજાવે કરે કલોલ, પણ સમજા વિના મોક્ષ ના થાય;
નહી આવે આવું ટાણુ રે, વાર ન કરતો જાજી. મી.
જ્ઞાન કથે ગાડા ભરભર કે, મતથી કરો સંવાદ,
ચાટવે બતરીસી રસોઈ બનાવી, પણ તેને નાંમળે સંવાદ;
મીથ્યા માંડા ફરતોરે, હીઇયા મારયા છે દાજી. મી.
વીનક વીચારથી હરીને જાણો, તનાથાં રાખો ટેક,
પડપચ મનના પરા કરી, ભાળો સદા એક;
ગોવાના ગતા નારીરે, તે તો રહ્યા છે તને બાજી. મી.

પદ—૨૭. (રાગ ઉપરનો.)

બ્રમાંડ ભાસેરે જાણે તે બ્રમ ગ્યાની,
છે છતી વસ્તુ રે, દેખે નહીં અગનાંની;
પંડમાં છે પરભુને, બીજે દેખવા જાય.
મન મોદીક કરે તેને ભુખનાં જાય,
મુગો મથે મેલેરે, વાતનાં માને કોની; બ્ર.
મુરખને તો ગણું સમજાયું, તોયે ન મુકે મત,
પતંગીયું કોઈનું કયું નથી કરતું તેથી આવે અંત;
મારે ડોટ જોરથીરે, તેના મન સુખ માની. બ્ર.
વેદતો પેરેપેરે કહે છે, તોયે નથી મળતુ નાંમ,
ગુરૂ સંતનો સંગ નથી કરતો, ફરે ઠામો ઠામ;
સીખામણ સાચીરે, રેજે તું કયું માની. બ્ર.
સીખામણ સઉની માની, કરજે સતસંગ,
ગુરૂની સેવા પુરણ કરજે, તો ચડસે નીરંજન રંગ,
ગોવો ગુરૂ સંગેરે, વસતું જેણે સાચી જાણી. બ્ર.

પદ—૨૮. (રાગ ઉપરનો.)

ગુરૂ મલ્યા ગ્યાંનીરે ખોલ્યા માંગ કપાટા,
પંડ પરભુ પરખ્યારે છુટયા મનના અંધ પાટા.
આપે પરભુ ને આપે દાસ જોયા મેં તો અવીનાસ,
સરવે વાપીને સરવે પાસ જેવી રીતે છે આકાશ.
હરી હરી ભાળુંરે, નીરખ્યા હવે નીરાટા. ગુરૂ.

ઉલટી સરીતા ચડી ગગનપર વીના વાદળ મેઘ વરસાય,
વીના અંકે થયું અજવાળું, ગેબી ગરજના થાય,
ધીમે ધીમે વરસેરે બંકનાળે જપાટા ગુરૂ.
ઈંગળા પીંગળા સુખમણા કહીએ તરવેણીના તીર,
ચંદા સુરજ છોડી દીધા તો હંસ થયા ગંભીર,
ધરૂ ધીમે ધાંનારે, મળી જઈ ખરી વાટયા. ગુરૂ
આ નગરમાં હુકમ તમારા મુકયા છે દશ દરવાજા,
ખોળી કાઢય ખબર કરીને ગગન ગેછે ગાજા,
ઓવા ગઢ રહયો ગાજીરે જોઈ લે તેના જપાટા. ગુરૂ.

પદ—૨૯. (ગગ ઉપરનો.)

પાણીનું જુવો પુતળુંરે ખુબી તો તેની ખુબ કરી,
જોજો અનુભવીરે જુગતી વાલે કેવી તો કરી.
પાંચ દસ વાયુ દોટયો કરે છે થઈ રહયો નાટારાંમ.
પ્રાંણ અપાંન ઉદાં ન તેવાં છે તેમનાં નાંમ.
જોયાની ગત નારીરે, જોયું જારે જુગતે કરી. પાણીનું.
ખેલ કર્યો ખેલાડીએ જુવો ખરી ખીત,
મનબુધી ચીત અંકાર કહ એ અંતસકરણની રીત.
જોયું જારે જાગીરે ઠામોઠામ રહયો છે ઠરી. પાણીનું.
સુતેલી કુંડરીમાંથી નાડી ચાલી દસ ઉપર દસ નીચે જાણ,
બોતેર હજાર નાડી ફેલાણી તેમાં ત્રણ સેરટ પરમાણ,
ખટચક્ર કથીરે મણીપુરથી પરા ઠરી. પાણીનું.

પશાતો શકતી કઇએ પસંતી વીરનું રૂપ,
મધમાં તે ભમા કઇએ વીખની શંકર રૂપ,
ગોવા ગતનારીરે જુવો ગગનપર નજર કરી. પાણીનું.

પદ—૩૦. (રાગ ઉપરનો)

શું જોઇને ખીલેરે ખોટા તારી ખોટી ગતી,
મુરખ જો વીચારીરે ફરી તારી કેમ મતી,
હાથમાં લઈ તંબુરો ને ભજન ગાવા જાય,
મનમાં તો મગન થઈને બેસે પ્રશ્નનો ઉતર ના થાય,
ગરવો થઇને ગાજેરે હોઠમાં બોલે મતી. શું.
સાત પાંચ ભેગા થયા ને કરવા બેઠા ફંદ,
કુંપતથી તરીલાં તાંણે એ છે બધા મતીમંદ.
ભેગા થયા છે ભસવારે તાંણ્યા તો કોઈ ખટે નહી રતી. શું.
સંત મળે તો એવા મળજો, જ્યાં શાંતી ફર વેચાય,
મુખમાંથી જેના પુલ ઝરે છે અનુભવ આનંદ વરતાય,
ધીમે ધીમે વરસેરે પ્રશ્ન ઉતર વતી. શું.
કોઇને સીખાંમણ લાગતી નથી, સહુ સઉના મન મગન,
સમજાનું તો નેમ લીધું, છે નીરગુણ ગાયને લે માન;
ગોવા તું તારૂં લેજેરે, કળીએ સઉની ફેરવી મતી—શું.

પદ—૩૧. (રાગ ઉપરનો.)

આહતો આયા છે ડાયારે સઉની તે તો પંચાતો કરે,
પોતાનું નાવડું લેરે તે તો હીયેનાં ધરે.

વહમી પેલાની આંટી પડીતી તેડાયે પાડયો તોડ,
જનમ બધો એરે કાઢયો, નરકે હીડયા એનાં નીકળી ખોડ;
પાપે પેટ ભરતોરે જરા મોતથી નાં ડરે. ભાઈ.
હતો પંચનો પટેલ કેવાયે બીજા શું કરે વાત,
અલા જનમ એરે કાઢયો, ધીક્કે તારી માત;
ફોકટ તારૂં જીવ્યુંરે ધરતી તું તો ભારે મારે ભાઇ.
દીન પસે દીન ચાલ્યા જાય છે, તે તો કરતો નથી વીચાર,
આફીણું કસું બાળી કાગળા, એટલે ચાલ્યું એને પોબાર;
નીદામાં રગો લાગીરે પાપી જરા દીલ ન ધરે ભાઇ.
હજું કરજે વીચાર આંનની સમજે બાંક,
કાળ તો એ વીની આવશે શું માને તો ઠીક;
ગોવીંદ ગોવીંદ ગાયેરે ગોવા ડરતા હોય તે ડરે. ભાઇ.

પદ—૩૨. (રાગ રૂપકનો.)

ભુલ્યો શું ભવમાંરે મતીના છે મંદા.
ખોટા માયફુલ ભાવેરે, કયાંથી ઓળખ્યો આવા ફંદા.
આપનું તારા નાંમ લજાયું કુળ કરૂં કુળ હીણું,
ભુચા તારી ભુરાઇનાં જઇ ભુસ્યાં તારાં વેણ;
પરનારી સંગ કરતોરે, લોક તો તારી કરે નીંદયા. ભુલ્યો.
સીદર તારાં ઢાંકી દેવા સીખે નીરગુંણ ભજન,
ખોટી ગતીને ખરૂં ગાય મનનો છે મલીન;
આંખો તારી ઢંગીરે, નીહાળે બેઠી નેરંડા. ભુલ્યો.

રાગને મોહયો ગઇને પસે ભગત નોંમ કેવરાવે,
નાંકરવાનાં કામજ કરતો, ભગતનું નાંમ લજાવે;
રાખતું તો હઇએરે અંતે પડશે ડંડા. ભુંડયો.
કપુત માંનવી કયું નાં કરે જેનું હઇડયું છે કઠોર,
સીખાંમણ ગમે તેટલી દયો પણ નાં માંને હરાયું ઢોર;
ખોવાને મલ્યા ત્યાંનીરે મલ્યા ચોરાસી ફંદા. ભુંડયો.

પદ ૩૩ (રાગ ઉપરનો)

અમર ખેલ ખેલુંરે દેખાડું તને દેદારા,
પઠોર ઉતારૂંરે જુવો પસે દાડે તારા;
તલ જેટલી જગ્યામાં બ્રમાંડ સમાંણું, એ અચરત કેવાય,
પાંણીથી પાતરૂં ને પવનથી જેણું એ, જનાવર ચઉદ લોક ખાય.
અકળીત તો એવુંરે, જગમાં થયા પસારા. અ.
વાગ વીયાણોને બકરી આવી, બકરી ગળી ગઇ વાગ,
દેડકીએ જોર માંડયું તે મારી નાંખ્યો સેશ નાગ;
ભલા થયા છે ખેલરે, જગમાં થયા પસારા. અ.
એક પુરૂસ એરે દીઠો જેને છે પાંચ રંગ,
બારે ડાટને ચઉ મેરૂપર નથી ગાતર કે અંગ;
એકવીસ હજાર સસેરે દીન દીન ખાય છે દેરા. અ.
એક નારી એવી દીઠી સોકરા જણ્યા અપાર,
તે સોકરાને પાસી વરે તારે ચારે ગરવે પાર;
ખોવા જેને ખોજુરે તરા ભવ સંસારા.

પદ ૩૪ (રાગ ઉપરનો)

અતારથી સુ ભજનરે સમજાં જાય જવાની હાડા.
અતારે રળવાનુરે ભજનનાં તો ગડપણમાં હાડા.
વરણુ છોકરાં નાનાં છે બીજા બે થાય તો ઠીક,
પાંચ સોકરા મોટા થાસે તારે સઉ રાખે મરો બીક;
એક કજુ તો પાડ્યોરે જનમારામાં કરવા હાકોટા. અ.
રળવુ કમાવુ ને મોજો મારવો, ભેગુ કરવુ છે ધન,
પચાસ હજાર તો પાસે રાખ પુજા ભજીશ ત્યારે ઠેકાણુ બેસસે માન.
સોકરા મજાવસે દુઃખીરે ત્યારે ભજનના હાડા અ.
પાંચ પાસા ગર ફરાવવાં બુઢાપે ગાયવાં થાય,
સોકરાની વહુ આવસે ત્યારે જાત્રા થાય;
ઘરડા થઈસુ ટાણારે ભજીસ આતમા સુખના હાડા. અ.
એવી એવી આસા બાંધે તે વહી જાય જન.
એમતો ખબર નથી ખાંડે ગીતામાં છે વચન;
ગોવા ગોવિંદ ગાવરે તમે જોજો જતા આડા. અ.

પદ ૩૫ (રાગ કાફી)

નાંમ જેણે નીરખ્યુ રે, તે તો કેમ ગયા અટકી.
થયાં અજવાળાંરે, ખુલી જેને અંતર ખડકી,
કીડી કુંજરને લડતાંરે દીઠાં, તે તો કયું નાં જાય.
માસલીએ જોર મારયુ, દરીઓ ગળી જાય,
ચેલતો ખબરે, પાંણીઆરી ઉપર હેઠ અટકી. નાંમ.

નાવતો નદીને લઇ આવ્યું, મારે આડી અવળી દોટ,
હીસાબ બેનો જારે ગયો, તો નદીમાં આવી ખોટ;
ખબર કરી ખોળોરે, જો જો તમે જાતા ચુકી. નાં
સોનું સોનીને ગડવા માંડયું, કોની રયો અકળાય,
ચકલીએ તો બાજને પકડી, જુવો નાસી જાય.
બાજ ગભરાંણોરે, ગભરાઈ ગયો અટકી. નાં
નીરભર મનથી નીરંજનની રખો, વીચારી જુવો સંત,
દુધ પાંણી જુદાં કરી જાણે, તોરે આવે અંત,
જેના ગટમાં દીવોરે, ગોવા કેમરે એ અટકી.

પદ—૩૬. દીપક વીનાનાં મંદીર કૈસાં, જેસા ઘોર અંધારા)—એ રાગ.

પરગટ પરખો પંડમાં, જાકા ખેલ અપારા,
એરે કળાકા પાર નહી, સારા જુગમાં પસારા;
ખોળ કરીને ખોજી હયો, હોય સફર અવતારારે જી.
નીગમ અગમ તેનું નામ છે, ભરી આ સકલ સંસારા,
એક રસ તેને જાણવો, માયસુરીએને તારા. ખોળ
પાંચ તત્વનું પુતરૂં, માંય નીરંજન ન્યારા,
સંતગુરૂથી પામીઆ, ઓપે સકલ સંસારા. ખોળ
તરવેણીના ઘાટમાં, વરસે અમીરસ સારા,
ગોવા રમે એ આનમાં, તેના નામ રહયા ન્યારા. ખોળ.

પદ—૩૭. (રાગ ઉપરનો)

મારે તેનાથી બાર નથી, કરો મનરે વીચારા,

એક તેજના ઘાટ જુદા, તમે જોઇ લ્યો તારા,
વીવેક વીચારથી પરખીએ, મલે ઘટ ઘડનારરેજી.
એક સુરીએ જળ કુંડા ઘણા, સળમાં દેખાય ન્યારાં,
ઘટઘટમાં એકી રહ્યો, પણ એ છે ન્યારા. વીવેક.
એક જળ ને ઘડા જુદા, ભરીઆ પાણી સારા,
હરીઆકા તેજ નેઠે નહી, પાણી ભરા અપારા. વીવેક.
સમજ્યા તેને સુગમ છે, ગોવા તેના નીસ તારા,
સમજ વીના જે આથડે, સુચ્યા મોક્ષ દ્વારા. વીવેક.

પદ ૩૮ (રાગ ઉપરનો

વીચાર વીના ભેદ નહી દેના, દેના જોઈ વીચારી,
કીડી પરવતકું લેવા તાકે, કાંયાથી તાણે ભીમારી;
સપાતર જાણીને સુચજો, ભેદ છે અદ્દ ભારીરેજી, સ.
વાગેણ કેરૂં દુધ છે, સોના પાત્રમાં ટકસે,
પીતર કાંસામાં નહીરેવે, ફોડી બારનીસર છે. સ.
કચી મટીકા ગડુંલલા, પાંણી કયાંથી રહેવે;
સાકર ગધાકું ખવરાવીએ, પ્રાણ તજીરે દેવે. સ.
ખારા સીંધુનું માસલું, મીઠા જળમાં મરે,
એવા ગ્યાંન જોઇ આપીએ, ઠરતું હોયતાં ઠરે. સ.

પદ—૩૯. (રાગ ઉપરનો)

હરીકે કારણ દુનીઆં ફરે, ફરે જુગ સારા.
ગુરૂ સાચા જેને મલે, તો થાય નીસ તારા,

ફરી ફરી ને જનમ ખોયા, જ્યાં અફળ અવતારરેજી,
મસલી દરીઆમાં પાંણી સોધે, જ્ઞાન નથીરે લગાર,
ફુદકા મારી પાંણી પીએ, ચીત નહી તરસ લગાર. હરી.
પાંણી દુધ ભેગાં રેછે, ખોજી પાએ હંશ ન્યારા.
નીરનીર પડયું રેવે, એના સફળ અવતારા. હરી.
સંત પુરૂસ સોધી પીઆ, તેના ધ્યાંન છે ન્યારા,
ગોવા મુરખ અથડઇ મરે. તેના ફોગટ જનમારા. હરી.

પદ—૪૭ (રાગ ધી.ગ.)

જો અનુભવી સંત જોગ થાયરે. સમાગમ સંતનુ.—એ ટેક.
તેના દરશનથી પાપ બધાં જાયરે; સમાગમ.
શુરૂ ગમી સંત મળે. ચડે ભક્તીનો રંગ.
મમનો મારો મેલ જાય, ત્યારે બધું અવગુણ થાય ભંગ. સ.
ભેગા મળી ભજન કરે તો પ્રશ્ન ઉતર થાય,
મનડું મારૂં તો ઠરે ત્યાં તો આણંદ વરસાદ થાયરે. સ.
ધ્યાન થકી ગાય ગોવિંદને, હ્રદયે હરખ ન માય,
ત્યાં તો મારૂં મનડું ટાઢું થાય, ત્યારે એ સાંતીના ફર વેચાયરે. સ.
સંત મળેતો તેના મળજો, જમની ભાગી જાય બીક,
અવીધ્યા તો બીલકુલનાંરે, ગોવા નજરે આવે એકરે. સ.

પદ—૪૮ (રાગ ઉપરનો)

જેના માથે ત્રીભોવન નાથ, બીક પસે કોની,
તેનું હરી ચરણે સદા ધ્યાન, કરે કેમ એ જ્યાની;
શ્રુતી સમૃતી જેનું વખાણ કરે છે, સેસ નથી પાર [illegible]—પાર.

જગતને જો દુખ પડે છે, તો વાલો ધરે અવતાર. બીક.
જેને આખું બ્રહ્માંડ રચીયું, તે શું ન કરે આપડી સાય,
આગળના પડદા ગણા આવ્યાછે, જેના ગુણીજન ગુણ ગાયરે. બી.
એમ ભકતાથી તેને સમરો, પુરણ કરશે આસ.
દુર નથી વાલોસે નજીક, તારૂં ગટડુંરે તો તપાસજે બીક.
વાલાના હુકમ વીના પાંદડું નથી ફરતું, તે કરજે વીચાર,
જારે તારો અંતકાળ આવશે, તારે કુંણ કરશે તારી સહાય. બી.
કોઈના સગા ગોવીંદ સઈઆ, બીજા કોએ નહી નાથ,
અંત સમે તે વારે આવશે, ઝુલતાં ઝાલશે હાથ. બીક.

પદ ૪૨. (રાગ ઉપરનો)

બીજા હોડીમાં નહિ બેસીએ, રામ નામ સદા લઈએ,
જેના નામે નીંચારણ થાએ, ભુલી તેને કેમ દઈએ. રામ.
રાજ મળતાં ફુલી બેસે ઝુઝી, બીજે સીદ જઈએ,
તે કરતાં જો ભુખા રહીએ તો, કાંટામાં દુખીઆ રહીએ. રામ.
ફુડી સારી રસોઈ થતી હોય, આને કયું દેઈ સીદ ખઈએ,
તે કરતાં જો માન માંડીએ તો, પીડ દુખીઆ થઈએ. રામ.
સહુકારનો આ સંગ તજીને, ચોરના સંગે ના જઈએ,
તેથી જો એ સંગ કરીએ તો, એક દીન ફસઈ જઈએ. રામ.
ભકતી કરવી મુકી દઈ, સંસાર દુખ કેમ લઈએ,
ત્રીવીધી તાપમાં ગોથા રહીએ તો, જમના ધકા ખઈએ. રામ.

પદ—૪૩.

જાણ્યું જેને મુળ સ્વરૂપ, ગુણવંતા જ્ઞાંની,

એનાથી નથી કોઈ મોટા ભુપ ગુણવંતા ગ્યાંની. જા.
એક હરી ને ધરમ કેમ જુજવા, ધરમ કેમ જુજવા,
જાણે જે વરચે કોઇ સંત, ગુણવંતા ગ્યાંની. જા.
સત જાણું રેજે ને વીવેક વીચારથી, વીવેક વીચારથી,
તારે આવે તેનો અંત, ગુણવંતા ગ્યાની. જા.
સાગર લેરા પાંણી પાંણી પરપોટા, પાણી પરપોટા,
સમજે આવ્યો તેનો અંત, ગુણવંતા જ્ઞાની. જાં.
તેવું સમજાતે મગ્ન થઇ માલે, મગન થઈ માલે,
મતનાં તાંણે એ સંત, ગુણવંતા ગ્યાંની. જાં.
ગોરા ગુરૂથી ઓર ખીલેજો, ઓર ખીલેજો,
ખેલ રચે છે બળવંત, ગુણવંતા ગ્યાંની. જા.

પદ—૩૪

નથી રૂદેમાં માંન અપમાંન, જેને સમજણ લીધી,
છુટી ગયું છે અભીમાન, જેને સમજણલીધી. નથી.
જાગીને જોયું તારે જગત નાં દીઠું રે, જગત નાં દીઠું રે,
દુનીઆમાં નથીરે જેનું ધ્યાન જેને સમજણ લીધી. નથી.
એક વીના કોઈ બીજો નાં દેખે, બીજો નાં દેખે,
ચાલ્યું જાય તેમાં જેનું તાંન, જેને સમજણ લીધી. નથી.
અચરત લીલાં જેની અકળ કળા છે, અકળ કળા છે,
જોઇને છુટી જયું અભીમાન, જેને સમજણ લીધી. નથી.
લેર ટલી આ ભઉસાગરનો, ભઉ સાગરનો,

મળીઆ માહા બળવાંન, જેને સમજાણુ લીધી. નથી.
સંત ગુરૂની સેવા કરવાથી, સેવા કરવાથી,
ગોવા મળે પુરણ ગ્યાંન, જેને સમજાણુ લીધી. નથી.

પદ ૪૫. (રાગ ઉપરનો)

કરવો તેનાથી સો મત જેને ગુરૂ ગમ નથી,
ફેર્યાતી જઈ છે જેની મત જેને ગુરૂ ગમ નથી. કરવો.
ગુરૂ ચરણે જઈ હુણુ નમે તો, હુણુ નમે તો,
આવે તારામાં મત્ય, જેને ગુરૂ ગમ નથી. કરવો.
સમજ ધરમ તારો સમજ મુળ તારૂં, સમજ મુળ તારૂં,
નાં તાણુંરો રહે મત, જેને ગુરૂ ગમ નથી. કરવો.
તું તારૂં ગોવા વીચારી લેજે, વીચારી લેજે,
સઉ સઉના જુદા મત, જેને ગુરૂ ગમ નથી. કરવો.

ગરબી—૪૬. (તારી માને કેવા દે કાના—એ રાગ.)

આરે દુખ કોને જઇ કહીએ, ગોકુલ મેલી મથુરાં જઇ રહીએ. આ.
નીતનીત છાનો રહી આવે, મહી માંખણ લુટીને ખાવે.
વધે તે લુ મરકટને પાવે, આરે દુખ કોને જઇ કહીએ.
અલા તું કપટી છે કાના, મારા ઘરમાં કેમ પેસો છાનાં,
જુગદીશ તમે સદાય રહયા નાના આરે દુખ.
વાલો હોય તાંજ સોદા માને, તુ તે મારી નજરેથી જાને.
આવી કટેવ ન ગમે અમને. આરે દુખ.
નટવર નાગર કેવા ખેલ રમે, ગોપ ગોપી ઘેર રહયો ભમે,
એરે વાલો ગોવાને ગમે આરે દુખ.

ગરબી—૪૭ જીની કરૂં માગ હો જીવણ હમારા—એ રાગ

હુવે દુખ કેટલાં સઈએ ઓ જીવણજી હમારા,
જઈ જસોદાને કઈ, હો જીવણજી હમારા. હુ૦
વાલાજી મારા હઈઆનો હાર મારો તુટે;
બેડુ મારૂં ફુટે હો જીવણજી હમારા. હુ૦
વાલાજી મારા તે તો લીધો છે કેડે;
મુકો પાલવ સેડે, હો જીવણજી હમારા. હુ૦
વાલાજી મારા વાટે ને ગાટે સુવરગે;
તું મારાથી રેય અળગે હો જીવણજી હમારા. હુ૦
વાલોજી મારા ગોપીઓના સાથમાં રમે;
ગોવાને તે ગમે હો જીવણજી હમારા. હુ૦

ગરબી —૪૮. (રાગ ઉપરનો)

ઓચીતાનો આવે હો કાંનજી હમારા;
તને કોણ તો બોલાવે હો કાંનજી હમારા,
વાલીડા મારા પ્રીતની વાત નાં જાંણે;
આવી પાલવ તાંણે હો કાંનજી હમારા. ઓચીતા
વાલીડા મારા સીદને કરે છે ખોટી;
તારામાં ખોડ મોટી હો કાંનજી અમારા. ઓચીતા.
વાલીડા મારા મઇની મટુકી મારી ફુટે;
લાખેણો હાર તુટે હો કાંનજી હમારા. ઓચીતા.
વાલીડા મારા ઘેર જતાં વાત કોઇ કેશે,

સાસુજી દુખ દેશે હો કાંનજી હમારા. ઓચીતા.
વાલીડા મારા મારગ વચે શીદ વળગે,
તું રે મારાથી અળગે હો કાનજી હમારા. ઓચીતા.
વાલીડા મારા ગોવાના છો તમે સ્વામી,
કહું છું તમને નમી હો કાનજી હમારા. ઓચીતા.

ગરબી ૪૯. (રાગ ઉપરનો)

જુઠા દલાસા દેછે હો નંદજીના લાલા,
પછે વીસારી દેછે હો નંદજીના લાલા.
વાલા હમારા આજ તો ઘેર તમે આવો,
મોરલી બજાવો હો નંદજીના લાલા.
વાલીડા મારા કાલાવાલાથી જાચું,
આવેથી સુખ સાચું હો નંદજીના લાલા.
વાલીડા મારા સેજે પલંગ બીછાવું,
ફુલના હાર મંગાવું હો નંદજીના લાલા.
વાલીડા મારા દાસી ઉપર દયા કઇએ,
આવો તો સુખ લઇએ હો નંદજીના લાલા.
વાલીડા મારા સાંજે વેલા તમો આવો,
વાતે અમને લાવો હો નંદજીના લાલા.
વાલીડા મારા આવો તો થાઉં હું રાજી,
ગોવે ભકતી માગી હો કાનજી હમારા.

ગરબી—૫૦. (રાગ ઉપરનો)

કાનજી પડયો કેડે હો કોને જઈ કહીએ,

નીત બેડાં મારાં ફોડે હો કોને જઇ કઇએ.
કાલે છાનો માનો ઘરમા જયો પેસી,
માખણ ખાધાં બેસી હો કોને જઇ કઇએ.
હાંરે મેં તો ઉઠીને લાગ કેવો સાંધ્યો,
પકડીને તેને બાંધ્યો હો કોને જઇ કઇએ.
હું તો જસોદાને કહેવાં પછે દોડી,
વાત કહી માંડી હો કોને જઇ કઇએ.
જસોદા કાનાને તમે કાંઈ વારો,
નુકશાન કરે હમારાં હો કોને જઈ કઇએ.
નટવરનું લાડ નહી ગમે આવું,
ચાલો તમને બતાવું હો કોને જઈ કઇએ.
પછે માવો ઘરમાંથી બોલી ઉઠયો,
માતાજી આહું બેઠો હો કોને જઇ કઇએ.
ગોવાનો સ્વામી તેવી કરતો નીત ગમત,
જુવો બાળ રમત હો કોને જઈ કઇએ.

ગરબી ૫૧—સારૂ સારૂરે સુરત શહેર મુબઇ અલબેલી—એ રાગ.

ચાલો ચાલો સાહેલી, આજ જળ ભરવા જઇએ,
ત્યાં જગત પતી માહરાજ, દરશન તો કરીએ;
નટવર નાગર મોરલીધર મોહન ગોવીદ છે ગીરધારીરે,
પ્રેમ સનેહી વાલો હમારો, જઉ મુખડાપેવારી. જળ૦
જુમનાના આરેગ ઉધે ન ચારે, ગોપીઓને રાસ રમાડેરે,

બનસી બજાવે રાગ સુનાવે, મોહ કટારી મારે. જળ૦
મનડું હેરૂં મારૂ ચીતડું ચોરયું, એ નંદજીના લાલરે;
આપડાંને વીસારી મુકી, જઈ જુમનામાં માલે. જળ૦
ઠીકકરીને ઠપકો દઇએ તેના સરણે રહીએરે;
હરતાં મળતાં હેત કરીને, ગોવા ગુણ ગાઇએ. જળ૦

ગરબી પર—(રાગ ઉપરનો)

આવો આવો હો નંદના લાલ, મારા ગેર જમવાને;
મારા રૂદીએ વસો ગોપાળ, આવો રમવાને,
સેવ સુંવાળી લાપસીરે, થોડી બનાવું ખીરરે;
નાવું હોય તો આવો વાલાજી, ઉનું થયું છે નીર. જમવા આ.
સીરાપુરી ભજીઆ બનાવ્યાં, માંય છે દુધપાકરે,
આવો વાલાજી બેસો પાટલે તમને લાગ્યો હશે થાક જમવા આ.
જીવણજીરે જમીને ઉઠયા, પુરણ થયા છે કોડરે,
ગોવા કહે તમે બોલજો, જે જે શ્રીરણછોડ જમવા આવોને.

ગરબી ૩—(રાગ ઉપરનો.)

કોને મારી છે પ્રેમ કટર, દુખ કોને કઇએ,
તેનો હાલે છે નીત માર, દુખ કોને કઇએ;
તેની મોહીનીએ મોહી રઈ છું, સાંભરે છે દીનરાતરે,
વાલો જટ નઇ મલે તો, કરવો આપગાત. દુખ કોને કઇએ.
કોને મારી.
રાતમાં હું જબકીને જાગું, સુરતી રદેમાં રમતીરે,
વીરવની વેદના નથી ખંટાતી, દુનીઆ નથી ગમતી. દુખ. કોને.

કાલે હમારા ગેર આવ્યો તો જોયો મેં તપાસીરે,
દોટ મારી પકડવા ગઇ તો, તરત ગયો એ નાસી. દુખ. કોને.
ખોળીને જો તેને લાવો થઉં હું તો રાજીરે.
ગોવા તેને ચરણે રેવું, ભકતી લેવી માજી. દુખ. કોને.

ગરબી—૫૪. (રાગ ઉપરનો)

જાવો જાવો રહો નંદના લાલ, નખરૂ કારે આવું,
આજથી તમારા પાસ, કઇ હું નઇ આવું. ટેક.
આવું વાલાજી ખોટું નગમે, તમે મુકી છે લાજરે,
દુનીઆંની મરજાદા નથી પાળતા, કેવાસો મહરાજ. હવે. જા.
વાટેને ગાટે વળગો વાલાજી, તેનાં કેવરાય ઠીકરે,
પરનારીનો પાલવ પકડો, નથી કોઇની બીખ. હવે હું. જા.
હું તો તને સારો જાણતીતી, ત્રીલોકના નાથરે,
ચટપટ ચટપટ આવીને, તું તો પકડે મારો હાથ. હવે. જાવો.
ગોવાના સામી હું તને નમી, ચાળા કરો તમે આવારે,
પરનારીનો સંગ કરો, તેથી થાસો દુનીઆમાં ચાવા. હવે૦

ગરબી—૫૫ ધીની કરૂં ધારા હો જીવણ હમારા—એ રાગ.

બોલ્યાં જશોદા વીચારી હો સાંભળને નારી,
વાત સરવે જુઠી તારી જો આ રહયા ગીરધારી.
વાલાને મારાં જુઠાં આફત તું તો નાંખે,
પરણુ કેમ સાંખે હો સાંભરને નારી,
નીત નીત ઠપકા આ વાત તમે લાવો,
જુઠી ચોરી ચડાવો હો સાંભળને નારી.

વાલીડો અમારો નામ તમારૂં નથી લેતો,
ગંભીર છે એ તો હો સાંભળને નારી.

વાલાનું મારા રૂપ સારૂં તે જોયું,
મનડું તારૂં મોહ્યું હો સાંભળને નારી.

વાલીડો મારો નીત્ય રમત તેવી રમતો,
ગોવાને તે ગમતો હો સાંભળને નારી.

ગરબી—૫૬.

નીત્ય વાટ જોતીતી હું તારીરે, ઘેર આજ ભલે આવ્યા ગીરધારી,
હવે મોરલી બજાવો તમે સારીરે, ઘેર આજ ભલે આવ્યા ગીરધારી,
નટવર નાગર મોરલી બજાવે, મોહ પામી ત્રત નારીરે. ઘેર૦
ચાલો ઘરમાં તમને આસન આપું, પાણી પીઓ જળઝારીરે. ઘે.
સુવું હોય તો પલંગ બીછાવું, રાત જાય આજ સારીરે. ઘે.
સુવો તો વાલા પવન ઢોરૂં, મુરતી મનોહર તારીરે, ઘેર.
ગોવાનો સાંમી રંગ રસીલો, મોહ કટારી મને મારી; ઘેર.

ગરબી—૫૭. (રાગ ઉપરનો)

તમે વાલી કરી કુબજા નારીરે, જાવો અહીં નહીં આવો ગીરધારી
હવે નહિ રાખું પ્રીત તારીરે. જાવો૦
હમેસ ઉઠીને તેના ત્યાં જાવો, સંભાળ લેતા નથી મારીરે, જા.
કાલે તો મેં તમને સાંન કરીતી, તે તો હઇયાંનાં ધારીરે, જા.
સોળસે મુકીને વળી કુબજાથી માયા, સુ રીત છે તમારીરે, જા.
દીવો બળતો તો કાલે કુબજાના મોલે, એ કેમ અવે કહ્યુ
જાય મોરારીરે, જા.

ગોવાના સાંમી તમે ગોવીંદ ગીરધારી,
વીસારસો ને પ્રીત અમારીરે, જા.

ગરબી—૫૮. (રાગ ઉપરનો)

ખોટી છે દાંનત તમારીરે, જાવો જાવો ભાળ્યા તમને ગીરધારી
શું ઓચીતું ચીર નાંખ્યું ફાડીરે, જાવો.
આવે તારે તુ અદળીતરાં કરે છે, આતો નાં જાંણુજે બીજી
નારીરે, જાવ.
ભુલે ચુકે મેં તમને બોલાયાં, એટલે આવી તમારા હાથ બારીરે,
ખોટિ હોય તેને ખોટું ગમે, આતો છે રાધા પ્યારીરે, જાવ,
ગોવાનો સાંમી રંગ રસીલો, પઇણ્યા તે ન ઉતમ નારીરે, જાવ.

ગરબી—૫૯ (રાગ ઉપરનો)

તું આવાં તે નાં કર ચારારે, અહીંથી સેટોરે કાનજી કાળા.
તને દેખ્યો છે મોળબીવાળારે, અહીંથી સેટોરે કાનજી કાળા;
તારી બુધી છે થોડીરે, મારી મઇની મટુકાં ફોડી,
ભોજેલા ફુટસે માળારે, અહીંથી.
દેવકીના પેટ જનમ લીધો છે, જસોદાએ તને પાળ્યારે અ.
વગળ ઓળખે આવીને બાજે, હું તો બળીને થઉ લાળારે. આ.
જાને અઇથી મને ક્રોધ ચડયો છે, મારા પેટમાં થઇ છે જવારારે. અ.
ગોવાંના સાંમી તમે દરશન દેજો, હાંરે તમે ચઉદ ભોવનથી
ન્યારારે. અહીંથી સેટોરે કાંનજી કાળા.

દાણલીલા.

ગરબી—૬૦ મધરાતે મથુરાં ગોવાળીઆરે લોલ—એ રાગ.

ઉભીરે તું આજ ગોવાલણીરે લોલ,
તને જરા નથી લાજ ગોવલણીરે લોલ.
કે ક્યાંથી તું આવી, ગોવાલણીરે લોલ.
મઇનું માટ ક્યાંથી લાવી ગોવાલણીરે લોલ.
આંઇ દાંણ હમારૂ બેસે, ગોવાલણીરે લોલ,
વગર પુસે કેમ પેસે, ગોવાલણીરે લોલ.
મઇનું દાણ અમને આપો, ગોવાલણીરે લોલ.
પસે જાવું હોય તાં ચાલો. ગોવાલણીરે લોલ.
ગોવાનો સામી એમ રોકે, ગેવાલણીરે લોલ,
દાણ લીધા વીના નાં મુકે, ગોવાલણીરે લોલ,

ગરબી—૬૧. (રાગ ઉપરનો)

અલ્યા કેમ પાલવ ઝાલે, ગોવાળીઆરે લોલ,
તું મસ્તાન થઈને માલે. ગોવાળીઆરે લોલ.
આનાં જાણજે બીજી નારી, ગોવાળીઆરે લોલ,
તનથી હું ના ડરનારી, ગોવાળીઆરે લોલ.
મારો હાથ ઝાલ વીચારી, ગોવાળીઆરે લોલ,
તને ગાળ અમે દઇશું, ગોવાળીઆરે લોલ.
અમે ફરીઆદીએ જઇશું, ગોવાળીઆરે લોલ,
અમે કંસને જઇ કહીશું, ગોવાળીઆરે લોલ,
મઇ લુટયાં નંદના છઇએ, ગોવાળીઆરે લોલ.

મુક મારૂં કહ્યું માની, ગોવાળીઆરે લોલ,
દાણ નથી આપવાની, ગોવાળીઆરે લોલ.
ગોવાના સ્વામી એમ વલગે, ગોવાળીઆરે ઘોલ,
એનાથી કોઇ નથી અળગે, ગોવાળીઆરે લોલ.

ગરબી—૬૨. (રાગ ઉપરનો.)

જટ માન કહ્યું મારૂં, ગોવાલણીરે લોલ,
આંય નહી ચાલે તારૂં, ગોવાલણીરે લોલ.
કંસ સું તારો કરશે, ગોવાલણીરે લોલ,
એક દીન મારા હાથે મરશે, ગોવાલણીરે લોલ.
તું મથુરાંમાં થઈ મોટી, ગોવાલણીરે લોલ,
શીદ થાય આંય ખોટી, ગોવાલણીરે લોલ,
મારાં દાણ ઝટ આપ, ગોવાલણીરે લોલ.
પછે રસ્તો તારો કાપ, ગોવાલણીરે લોલ,
હું દાણ નહી છોડું, ગોવાલણીરે લોલ,
મારા સામુ બોલ થોડુ, ગોવાલણીરે લોલ.
તને જાજું શું કહીએ, ગોવાલણીરે લોલ,
અમે ખોટી શીદ થઈએ, ગોવાલણીરે લોલ.
ગોવાનો સ્વામી કેછે ગાજી, ગોવાલણીરે લોલ,
તું વાર ના કર જાઝી, ગોવાલણીરે લોલ.

ગરબી—૬૩. (રાગ ઉપરનો.)

કાના મેલો અમારો કેડો, ગોવાળીઆરે લોલ,

તમે મુકો પાલવ છેડો, ગોવાળીઆરે લોલ.
તમને લાગે છે માઠું, ગોવાળીઆરે લોલ,
જુવો ચીર મારૂં ફાટયું, ગોવાળીઆરે લોલ.
તમને ઝાઝું શું કહીએ, ગોવાળીઆરે લોલ,
અમે દુખીઆં થઇએ, ગોવાળીઆરે લોલ.
અમો ઉપર દયા લાવો, ગોવાળીઆરે લોલ,
મારો હાર પાછો લાવો, ગોવાળીઆરે લોલ.
તમારૂં દાણુ લો આલું, ગોવાળીઆરે લોલ,
હવે ખોટી નાં કરસો ઠાલું, ગોવાલીઆરે લોલ,
તમને નમીને રઇએ, ગોવાળીઆરે લોલ;
તારી મુરતી મારા હઇએ, ગોવાળીઆરે લોલ;
ગોવાને દરસન દીધું, ગોવાલીઆરે લોલ;
ગોપીનું દાંણુ તાં લીધું, ગોવાલીઆરે લોલ;

આરબી—૬૪. વીઠલ વારૂં કરવાને વેલા આવજોરે લોલ—એ રાગ.

પ્રભુ આવો તો વેલા આવજોરે લોલ,
સાથે રાધે પ્યારીને લાવજોરે લોલ, પ્રભુ
રૂડી રસોઇઓ કરૂં ખરી ખીતથીરે લોલ,
તમને જમાડું આજ પ્રીતથીરે લોલ, પ્રભુ
આજ આવો જમો તો મારે આણંદ છેરે લોલ,
મારે દરસન કરવાનું ગણું મન છેરે લોલ, પ્રભુ
રાધે કીસન આવો તમે સંગમાંરે લોલ;
આજ રમીએ સેગાં થઇને રંગમાંરે લોલ, પ્રભુ

ગોવા ગોવીદ જરૂર આજ આવસેરે લોલ;
સાથે રાધે પ્યારીને લાવસેરે લોલ. પ્રભુ

ગરબી ૬૫. (રાગ ઉપરનો.)

જળ ભરવા ગયાંતાં જુંમના ઘાટમાંરે લોલ,
પેલો કાંનો મલ્યો તો અમને વાટમાંરે લોલ—જળ૦
માંથે બેડું ગડુંલો હતો હાથમાંરે લોલ;
સરવે ગોપીઓ નાહુતા હતાં હમે સાથમાંરે લોલ. જ. ભ.
સરવે ગોપીઓ ચાલી હું તો કેડે રહીરે લોલ,
પેલા કાનુડે મને ભોળવી દઇરે લોલ. જળ ભરવા.
અમે મગન થયાં તેની પ્રીતમાંરે લોલ,
હવે નહી રહીએ માવીત્રાના સંગમાંરે લોલ. જળ ભરવા.
હવે એ કાંનાને મારે પઇણુંરે લોલ,
સખી ઝાઝું મુખે સું વરણુંરે લોલ. જળ ભરવા.
એને હેરી લીધું મારૂં મનડુંરે લોલ,
હવે સુંપી દીધું મારૂં તનડુંરે લોલ. જળ ભરવા.
ગોવાના સાંમી વેલા તમે મળજોર લોલ,
આ દાસી ઉપર દયા તમે કરજોરે લોલ. જળ ભરવા.

ગરબી—૬૬ (રાગ ઉપરનો)

અમને મુકી કાંના નાસી ગયોરે લોલ,
લાવી અગોર વનમાં મુકી ગયારે લોલ. અમને.
આ અગોર વનમાં એકલાં કેમ રઇએરે લોલ,
તારા વીના તો અમે દુખીઆં થઇએરે લોલ. અમને.

વાગ વરૂ ચીતરા તો બોલી રયારે લોલ,
મારા પગ તો થરથર ડોલી રયારે લોલ. અમને.
મારો જીવડો ગણો ગભરાયછેરે લોલ;
મારૂં મનડું તેથી અકળાયછેરે લોલ. અમને.
તારી પ્રીતથી માવીતર અમે મુકીયાંરે લોલ,
સરવે કાજ અમે તો ચુકીઆંરે લોલ. અમને.
ગોવાના સ્વામીને કોઇને નથી કળ્યોરે લોલ,
આવી ગોપીઓને વાલો હેતે મળ્યોરે લોલ. અમને.

ગરબી—૬૭ (રાગ ઉપરનો.)

વાલા જમવાને વેલા આવજોરે લોલ,
જે જમવું હોય તે કેતા જજોરે લોલ. વાલા જમવા.
કો તો કરૂં હું રૂડી ભાખરીરે લોલ,
તમને કુંણી ભાવશે કે આકરીરે લોલ. વાલા જમવા.
કો તો રોટલી બનાવું રૂડી રીતથીરે લોલ,
ઘીએ ચોપડી જમાડું તમને પ્રીતથીરે લોલ. વાલા જમવા.
કોતો ઓસાઇ રાંધું રૂડી સેવનેરે લોલ,
અમે ખઇએ તે ધરાવીએ દેવનેરે લોલ. વાલા જમવા.
શાક સામરંગી કરૂં સઉ સાથમાંરે લોલ,
જમ્યા પછે પાન બીડું હાથમાંરે લોલ. વાલા જમવા.
ગોવાના સ્વામી પ્રેમથી તમે જમજોરે લોલ,
આવી ભકતોના રૂદયમાં રમજોરે લોલ. વાલા જમવા.

પ્રભાત-૬૮. (રાગ દેશી)

ઉઠને વાલા ભોર ભયો હે, હજુ નીદ્દરા કેમ આવેરે;
દરશન કારણુ ભકત આયા છે, માતા જસોદા જગાવે-ઉઠને.
ગઉવા તારી તું ચારે બીજો કુણુ ચરાવેરે;
કરશું વલોણું માંખણુ ત્યાર છે,
તારા વીના કુંણુ ખાવેરે. ઉઠને વાલા૦
ગોવીદ વાલા વેલા ઉઠો, જળ તો ઠરી જાવેરે;
રાધાજી તમારી વાટ જુવે છે,
ચોળી તને નવરાવેરે, ઉઠોને વાલા.
ગોવો તારા ગુણુ ગાઈને સુખીઓ સદા થાવેરે,
ભકતોની સાય કુણુ કરસે, કુણુ લાડ લડાવેરે. ઉઠો;

પ્રભાત ૬૯. (રાગ ઉપરનો)

ગીરધર તારી વાટય જુઉં છું, કાના હજું કેમ ના આયારે,
કે તો કુબજા એ કાંમણુ કીધાં, કેઈ નારીએ ભ્રમાયારે-ગી૦
દરસન કારણુ આંખ્ય જુવે છે, મનડું તોરશું મોઇરે,
પરભાતનો તમે વાયદો કરયો તો, રયો છું વાટ જોઇરે-ગી૦
કીઇઆ ભકતની વારે ધાયા, હજું તમે નાં આવ્યારે;
દીવસ ઉગ્યો ચરણો પુટી, કુંણુ કરસે મારી સાયારે-ગી૦
ગોવાની વારે વેગે ધાજો, સંકટ સમે સાંમી .
તારા વીના બાંય કુંણુ સાસે, કહુ છું સાર નાંમીરે-ગી૦

પ્રભાતીયું—૭૦. (રાગ ઉપરનો.)

જુઠો જનમનો તુંરે કાના, તને શું કહીએરે,

જુઠો સાચો પણ ધણી તું મારો, તારા શરણે રઇએરે. જુ.
તેં તો મારી માળા ચોરી, હવે તું તેનાંમાં નેરે,
શાને માને તું તો આવે, દુખ તે કઇએ કોનેરે. જુઠો.
વાડ હોય તે ચીભડાં ચોરે, તો સું વાલા રેશેરે,
જગપતી તું ચોરી કરે તો, તો ભક્ત સરણે કોનારેછેરે. જુ.
માન માન હજુ થોડું કયે, માળા મારી આલોરે,
અંતે તો તમારો છુટકો નથી, ખાલી હઠ શું જાલોરે. જુ.
ગોવાની દયા હઇયે ધરી, હઠ જરા નાં કરીએરે;
તારા ગુણ સદા ગઇને, ભઉસાગર તરીએરે. જુઠો.

પ્રભાત—૭૧. (રાગ ઉપરનો)

જારે જુઠા જનમના કાના, મારા ઘેર નાં આવોરે,
સઉથી વાલી કુબજા તમને, તેના ઘેર જાવોરે. જારે.
વાટ જોતી હશે તમારી, જાવો સુખીઆ થાવોરે,
પ્રીતી તમારે તેનાથી ઘણી, તેના ઘેર જાવોરે. જારે.
સોળસેં ગોપીમાં કુબજા વાલી, તેને લાડ લડાવોરે,
કોક દીન તમારે ગરજ પડે તો, અહીંઆં નાઠા આવોરે. જારે.
કામ હોય તે કઇને કાના, અહીંથી નાશી જાવોરે.
ગોવાના સ્વામી ગીરધરલાલા, હમારે રેછે દાવોરે. જારે.

પ્રભાત—૭૨.

વાણુલાં વાયાં કાનાં વાણુલાં વાયાં,
ઉઠો જસોદાના બાલા વાલા. વાંણુલાં વાયાં.

વલોણાં વાગે કાના વલોણાં વાગે,
વલોણાના ઝમકારે મારો કાનજી જાગે. વાં.
માંખણ માગેરે કાનો માખણ માગે;
પ્રભાતે ઉઠીને વાલો માંખણ માગે. વાં
ભોરતો ભયોરે વાલા ભોરતો ભયો,
માંખણ કાંનાને આલ્યું તે રાજી તો થયો, વાં
એટલું ચાલે કે વાલા બીજું તો જોઈએ;
માગવું હોય તો માગી લેજો, ઘી કરી દઈએ. વાં
ગોવાનો સાંમીરે પ્રભુ ગોવાનો સાંમી;
બુડતાં મારી બાંય, ગ્રહી કહું છું નાંમી, વાં

પ્રભાતીયું ૭૩. (રાગ ઉપરનો.)

કાંનો મળરે મને કાંનજી મળે;
ગોપીઓના પાસે જાઉ તો ભાળતો મળે, કાંનો મળરે,
મનડું ઠરેરે મારૂં મનડું ઠરે;
કાંનાને દેખું તો મારૂં મનડુ ઠરે, કાંનો મળરે,
કાંનો તો મળીઓરે મને કાંનજી મળીઓ;
દરસન કારણ તલસતો, તે વાલો મળીયો. કાંનો મળરે,
બાંય તો જાલીરે મારી બાંય તો જાલી,
ભઉસાગરમાં ડુબતાં મારી બાંય તો જાલી. કાંનો મલે.
હેત તો કીધુંરે વાલે હેતતો કીધું,
ગોવાનું તો મનડું તેને હેરી લીધું. કાંનો મલે.

પરભાત ૧—જાગને જાદવા ક્રસ્ણ ગોવાળીઆ એ ટેક.

ઉઠને વીઠલા ચાલને વાલમા ગાયો તારી તો સુટી જાયે,
અમને તો ગાંઠે નહી હાથથી તો તે નાસી જાયે. ઉઠને વી.
ઘણો તો તોફાન મચીઓ, તારા વીના કોણ વાળી લાવે,
નીદરમાં તો મારો વાલો ઘેરઇ ગયો, તેને તો કોઇ જગાવે. ઉ.
બુમ તો ઘણી પાડી રહી. તોયે નજરમાં નાં આવે,
ગીરધર ગોવીંદા વારે મારી આવજે, ના આવેથી અવગુણ થાવે. ઉ.
ગાયો બાંધ આવી સારી રીતે, પછે છુટી નાં જાવે,
તારા આવેથી ઘણું સારૂં થાશે, આનંદ તો મને થાવે. ઉ.
ગોચો તો ચીત દઇ, શુણ તો રહયો છે ગાઇ.
તારા વીના વારે કુંણ આવે, ઉઠને વીઠલા ચાલને વાલમા.

પરભાત—(૨) રાગ ઉપરનો.

તારી ગાયોને રોકી નથી રાખતો, નીત ઉઠી મારૂં ખેત્ર ભેળાવે.
કયે કાયે લાજ નથી જરા તને, આવી ગાયો સું ચરાવે. તારી.
નીત્ય ઉઠી હું પોકાર કરી રયો, તો આવી આડે નથી રેતો.
તને તો લાજ નથી જરા, અતારે જાણું હું નથી કેતો. તારી.
ભઠવાડના પેટ તેં જનમ લીધો, છે શું તારે અભીમાથ થોડો,
મઇમાંખણ ખઇને બેકી ગયો, મકલાતો મલકાતો આવે માંડો, તા.
આવડુ અભીમાન કયારનું ભરાયું, હવે જાણુ તને સું કઇએ;
પોતાનું ખેતર જાંણી કરી, પરભારૂં ખેત્ર ભેળાવી દઇએ, તા.
ગોવાનું ખેત્ર ભેળાય નહી વીઠલા, આવીને આડે રઇએ;
વીગતે વીગતે ચાર જે વીઠલા, જસોદા માતને જઇ કઇએ, તા.

પ્રભાતીયું–૭૬– (રાગ ઉપરનો)

ઉઠને વીઠલ પતી તારા વીના કુંણ ગતી, બુડતાં મને કુણ તારે,
મીતોસુ ય્યું સાંમળા આ શરીર તને, બુડાડે કે તારે, ઉઠને.
કુટમ તું કબીલો તું મારે તો સાંમળા, તુંજ વીના બીજા કોન જાચું
મીથ્યા વેપારમાં મુજને ગોઠે નહી, મારે તો સગપણ તારૂં સાચું,
થીગા ધણીનું સરણું લીધું, મારે તો સરવે સીધું,
ઉદાસી હવે કેમ રાખું, આ ફોગટ ફંદમાં કેમ કુંલું વાલમ;
તાંદરા મુકી કેમ તું સચાખું, ઉઠને વીઠલ પતી,
જાગ્યને વાલમા કેમ ઉંગી રયો, બાંનાની તારા પત જાસે;
અતીત પાવન નાંમ તારૂં, હરી તારા ગુંણનો કુંણ ગાસે, ઉ.
ઉઠશ્રી હરી દીલે દયા ધરી, ગાસુણી વાલો વેગે ધાયોં,
ભકતો ઉપર ભાવ કરયો ભુદરે, બુડતાં ગોવાનો હાથ સાયો. ઉ.

પ્રભાત—૭૭. (રાગ ઉપરનો)

કળીનું જોર છે અતી ગણું ભુદરા, નથી રેતું મન વશ મારૂં.
પુરો થઈને ખેપ કરસે, ત્યારે ભજન થશે તારૂં, કળીનું,
જાતજાતનાં લોક છે કારમાં, સંગત કરવાથી બુધી બરટ થાયે.
બુરી સંગત પડી મુકસે સાંમળા, તેનાથી ભજન તારૂં થાયે. ક.
પ્રલબદ્ધ પુરૂં હસે તેનાથી ભજન થશે તું તેની વાર કરે,
બીજા પાપી ફોગટ જનમીયા નકાંમી ધરતી આરે ભારે. ક
મારા ઉપર દયા કરજે વીઠલા, સદા તારૂં નાંમ ગાવું.
ફોગટ સંસારનાં ફંદ પડયા મુકી, તારા સરણે હું આવું ક.

ગોવો ગાય ગોવીંદને સાચ કરતું મને, ભક્તાં ઉપર ભાવ લાવો,
અહોનીસ તુંહી તુંહી કરૂં હરી, દુખ વેળાએ વાલા વેલા આવો;ક

ભજન—૭૮ (રાગ કાફી)

નાંમ જેણુ નીરખ્યુંરે, તેતો કેમ ગયા અટકી,
થયાં અજવાળારે ખુલ્લી જેની અંતર ખડકી. નાંમ.
કીડી કુંજરને લડતાંરે દીઠાં, તે તો કયું નાં જાય,
માસલીએ જોર મારૂં, દરીઆને ગળી જાય;
ખેલ તો ખરોરે, પાંણીઆરી ઉપર હેઠ મટકી. નાંમ જે.
નાવ તો નદીને લઇ ચાલ્યું, મારે આડી અવળી ડોટ,
હીસાબ જારે એનો ગણ્યો, તો નદીમાં આવી ખોટ,
ખબર કરીને ખોરોરે, જોજો તમે જાતા ચુકી. નાંમ જે.
સોનું સોનીને ગડવા માંડયું, સોની રચો ગડાય,
ચકલી તો બાજને પકડી, જુવો નાસી જાય;
બાજ ગભરાણોરે, ગભરાઇ ગયો અટકી. નામ જે.
નીરમળ મનથી નીરંજન નીરખો, વીચારી જુવો સંત,
દુધ પાંણી જુજવા કરી જાંણો, તારે આવે અંત;
ગોવા ગટમાં દીવોરે, પસેરે એ કેમ ગયા અટકી. નાંમ જે.

ભજન ૭૯.

જેને ધરીઅલ કબુધીસે કાંન સંગત વાકું કયારે કરે અ રાગ.

જેને રચો હરીથી સ્નેહ, તે તો રચા કેમ અટકી,
જેને પરખી પોતાની દેહ, રચા તે કેમ અટકી.
જેને વાગ્યું ગુરૂનુ બાણ, લાગી છે દીલ ચટકા,

જેને જાલી પ્રેમની દોરી હાથ, સુરતા જાણે નટકી,
જેને ખોજાયા ખરી ખીત, ખબર પડી આ ગટકી,
જેને દેખાય અલખ દેદાર, માયા ચડી તેમ ઠકી;
જેને ખબર કરી છે જાર, તરવેણીમાં ગયા અટકી,
તાંતો ચાલી રયો ગુજાર, જનનન વાગે ચટકી,
જેને થયું નીરમળ મન, સુરતા અલકે અટકી,
ગોવા ભજનની કરે જે, તે તો મુવા ભટકી.

રાગ નાથ તુમ જાનતહો સબ ગટકી એ રાગમાં છુટા સવાલે ગવાસે

ભજન ૮૦.

મનતો નીરંજનસેં નહી ડોલે,
ચલો સુરતા ગગન કે હીડોલે, મનતો૦
પરખલે કુંણ આવીને બોલે,
ઉનકા કોઇ નહી આવે તોલે, મનતો૦
જાકું ખોજત ખોજત પાયા,
જેને અખંડ બ્રમાંડ ચલાયા- મને તો.
ભલે ભલે મળીઆ એક રાંમા,
નીરખી જાંનાહે સત ધાંમા- મન તો.
ગોવા ગોવીદકી ગતી લેના,
રાખી સુરતા સાહેબમાં રેના- મન તો.

ભજન—૮૧. (રાગ ઉપરનો.)

દેખો દેખો અવીનાસી,
જાકું બ્રમા વીસનું રયા ઉપાસી-દેખો દેખો.

તુંમ ઇનકું લ્યો તપાસી,
કાયા પટેગા થાસો ઉદાસી—દેખો દેખો.
રહ્યા ચંઉદ ભોવનમાં ભાંસી,
નીરખો પાપ પલકમાં જાસી—દેખો દેખો.
જેને નીરખ્યા છે તપાસી,
તેનાં જનમ મરણ બે જાસી—દેખો દેખો.
ગોવા નહીરેના ઉદાસી,
તેની મુક્તી રહે સદા દાસી—દેખો દેખો.

ભજન—૮૨. (મુલ મેતમાં બસે ગણેસા એ રાગ)

ગુરૂએ બાંણ જોરથી મારયું, વાગ્યું આરોપાર,
જેને ચેતવું હસે તે ચેતસે.
ગ્યાંન ગલીમાં જઇને પેઠા, તેનાથી લાગ્યો તાર. જે.
ગંગા જમુના સરસ્વતી ચાલે, ગગન થઇ રહયો ગોર. જે.
જીણાં જીણાં વાજાં વાગે, જાંણે બપઇઆ મોર. જે.
ગડુંડું કરતી ગરજના ચાલી, ગગન ભડકા થાય. જે.
ઇંગળા પીંગળા સુખ્ખમણા નારી, તાં તો થાય નાટારાંસ. જે.
જળહર જોતો જારે જાગી, ઠરીને બેઠા ઠામ. જે.
ચોર પંખી ગાસીને નાઠા, નીરમળ થયા પછે નામ. જે.
ગઢ જારે જોયો તપાસી, રમતા દેખ્યા એક. જે.
ગોવા હવે ધ્યાન ધરી લ્યો, રાખો પુરણ ટેક. જે.

ભજન—૮૩ (રાગ ઉપરનો)

પોકાર કરીને વાણી કેછે, મુરખને નહી ગમ સમજણ
ક્યારે તને આવશે. ટેક.

આ કાયાનો નથી ભરૂંસો, નીકળી જાશે દમ. સમ.
સાધુ સંતની સેવા કરવામાં, રાખ્ય સદા ધ્યાન. સમ.
ગુરૂની કીરપા થાશે તારે, આવશે તને જ્યાંન. સમ.
આવ્યો છે પણ નકી જવાનો, માથે જમનો ડંડ. સમ.
લખ ચોરાશીમાં ફેરા ખાસો, મુસ્કલ મળયો પંડ. સમ.
મારૂં તારૂં કરી રહયા છો, ખોટો છે આ ખેલ. સમ.
શીખામણ તું તો મનમાં લઇ, મુમતા પડી મેલ. સમ.
ભજન કરવામાં શું તને બેસે, નથી બેસતો દામ, સમ.
બધી કલપના સરવે ખોટી, ગોવા સાચા રામ. સમ.

ભજન ૮૪—(રાગ કાફી.)

ફલતો ફકીરી કરેરે, આતમસા પીર ફલતો ફકીરી કરે—એ રાગ.

મન તું કલપના ખાલી શુ કરેરે, હરી વીના પાંદડું પાસું ના ફરે.
તારી ચીંતાથી કાંઇ ના સરેરે, હરી વીના પાંદડું પાસું ના ફરે.
રાંમ સરીખા નાથકે વરઇ જ્યાં, તેમને દુખ કેમ પડેરે; હ.
સીતા સરીખાં સતી કેવાંણાં, તેમને વીયોગ કેમ પડેરે; હ.
સીવનો અવતાર પાંડવ કેવાંણા, દુખતો વનમાં કરરે; હ.
કરતાની ગતી કોઇ નાં જાંણે, તેને ધારયું હોય તે કરેરે;હ.
દેહ ધરે તેને દુખ સુખ પડસે, આપતો હરી અવતરેરે;હ.
એકાદ પ્રકારના સઉ દુખીઆ, ગોવાનાં ઘરે હીયે સંતરે;હ.

ચાબખો ૮૫.

બાવા થયા છે વેરાગીરે, કાંમ ક્રોધ નથી મુક્યાં ત્યાગી,
મોહનાં જારમાં મોહી રહયા બાવા, નથી જોયું જાગી;

વરતી સઉથી વધારે દોડે, લોભમાં રયા લાગીરે; આ.
રંડીને તો મઇ કઈ બોલાવે, લઇ જાય ખુણામાં આગી;
કુંડ નેકપટ સઉથી વધારે, જુવો થયા છે ત્યાગીરે, આ.
જોગી પુરૂષનું નામ લજાયું, એવા થયા અભાગી;
ગધા ઉપર ભગવું નાંખ્યું, એ દુનીઆં પુજે નાગી; આ.
કમળી વાંળાના નાંહરેરે, એક બાવો જોયા અભાગી;
ગોળી વતી તે જીવડાં મારતા, દેખી ગોવાને દયા લાગી; આ.

ચાબખો ૮૬.

મુરખા નાંમ તેં તો નાં જાણ્યુંરે, તારૂં જાતું રેસે ટાંણું,
ખોટી માટીના ખોટો તું છે, ખોટું તે તો માંણું;
સંખલ દીપ નાવનમાં આવ્યો, તોયે ખચર તે આંણુંરે; મુ
માન સરોવર બગલોરે આયો, કેવું આવ્યું છે તેને ટાણું,
આયખું તેનું ચાલ્યું ગયું પણ, મોતી નામના જાણ્યુંરે. મુ
મુરખના હાથે હીરલો આવ્યો, પણ ના ઉપજયું નાણું,
મનખો તારો ચાલ્યો ગયો પણ, સત નામ તેં નાં જાણ્યુંરે. મુ
ગોવા તમે તો ગોવીંદ ભજી લ્યો, ભરૂં જાશે આ ભાણું,
ઘડી પલકનો વીશવાશ નથી, કેવું વાશે વાણુંરે. મુ.

ચાબખો—૮૭.

બગાડી તેં તારા હાથે, રાંડ તો જાતાં જઇને બાથે,
પેલેથી તો મુઢે ચઢાવી, છાણા થાપે માથે,
હવે તો તારા તો વશ નહીંરે લ્યા, મારે તારા તું હાથે. બ.
માનવીઓમાં માન ના રાખે, બોલવા માંડે સાથે,
તું તેને કેવા જાય તો, તારાથી આવે બાથે. બગાડી.

નાવા ધોવાની નથી ચતુરાઇ, મેલ ઘણો છે હાથે,
નબળી નારીને જમ પકડશે, સાઇડી મુકશે માથે. બગાડી.
ગોવા કરજુગમાં એવી નારીઓ, ગામ ગામના જથે.
શીખામણ સારી સપુ તને લાગશે, જાત હશે જેના માથે. બ.

ચાબખો—૮૮.

ભજનમાં ભંગ પાડે જે જઇરે, તેની પુરી છે મુરખાઇ.
કપુત કથામાં કોક દીન આવે, બેસે ભજનમાં જઇ,
આડી આડી તે તો વાતો કરતો, કાગ કોયલ ભેગી થઇરે. ભ.
વાત કરવા નાં મળે તો, ઉંગે તે તો જઈ,
તેવા મનુંસને જમ પકડસે, મારસે ધાકા દેઈરે લઇ. ભજ.
સપુત જન સારા સાંભળસે, ચીત દેસે લગાઇ,
જેવા જેને તો ગુંણુ લીધા, તેવી મુકતી થઈરે. ભજ.
ગોવા ભગતને હરી મલ્યાને, ગુણુ રહયા છે ગઇ,
સંત પુરૂસની સેવા કરતા, નમે છે તે ધઇરે. ભજ.

ચાબખો—૮૯.

જેને મળીયું છે સાચુ નાંમરે, તે તો પોકયા છે સત ધાંમ,
કુડી કલપના સરવે કાઢીરે, હઇએ ધરી છે હાંમ,
પાંચ પેદલને પકડીને બાંધ્યા, પકડયું છે સતનાંમરે. જેને.
ધરમરૂપી ઢાલ બાંધીરે, નીરભે પકડયું નાંમ,
મન પખાળી પરખવા માંડયા, નજરે આવ્યું નાંમરે. જેને.
ગઢ હતો તે જીતી લીધો, આવી બેઠા એક ઠાંમ,

કાયર હતા તે બીને ભાગ્યા, સુરાંનો સંગરાંમરે. જેને.
ગોવા ભગત તો ધઇને ભજે, નજરે દીઠા રાંમ,
તે તો હમારા બહુબંધ થયા છે, ભલે મલ્યો એ સાંમ. જેને.

ચાબખો—૯૦.

ખોટયો એ તો વધારે હે છેરે, સીખાંમણ બીજાને તે દેછે,
પોતાના અવગુણ હીયે નાં ધરે, ડાહયો થઈને ફરે છે,
હીંગનો કાંકરો હાથમાં આવ્યો, ગાંધી થવા ફરે છેરે. શીખા.
ઉઘેલા જેવા વચન આવે છે, ક્રોધ કરીને બોલે છે.
સંત પુરૂષનો સવાલ નાં સુણે, બકવા બહુ કરેછે. શીખા.
માન સરોવરમાં મોતી પાકે, હંસ તેને ચરે છે,
બગલા તો બકવા કરતા, ખોટું ધ્યાન ધરે છેરે. શીખા.
પારકા દોષ ના ગણે ને, પોતાના અવગુણ હણેછે,
ગોવા ભગત તો એમ કેછે, એ અમરાપુર લેછે. શીખા.

ચાબખો—૯૧.

મેં તો જોયું છે જાગીરે, લેતા હરી ચરણે લાગી,
ગ્યાનરૂપી જારે તલવાર લીધી, ચોર ગયા ભાગી;
નીસાને જઇને ડંકા લગાયા, મનડું રહયું લાગીરે. મેં
એક વીના બીજો નાં દેખું, પ્રેમ રહયા છે લાગી,
ખોજી કાડયા ખબર કરીનેરે, સુરતા તાં તો લાગીરે. મેં.
ઇંગળા પીંગળા સુખસમણારે, જળહર જોત જાગી,
ગગન મંડળમાં જોયા નીરખી, ભ્રમણાઓ ભાગીરે. મેં.
ગોવા કહે તેને નમું, ભકતી લીધી માગી,
અહો નીરંતર નામમાં રમતો, પ્રીત પુરણ લાગીરે. મેં,

ચાબખો—૯૨.

ભકતી ભાવ કરીને કરજોરે, દયા રૂદેમાં ધરજો,
કાલાવાલા હરીને વાલા, થોડા ઘણા કોક કરજો,
પેટમાંથી પુનવરો, થાય તેટલાં કરજોરે. ભકતી.
કાળ ઓચીતાં આવી પોકસે, તે હઇઆમાં ધરજોરે,
દીન પસે દીન ચાલ્યો જાય છે, વીચાર તમે તો કરજોરે;
જનમયા એટલા સરવે જવાના, તું વીચારીને જો;
માંતની માથે બીક રાખીને, ભજન તમે કરજોરે; ભગ.
નીચનો સંગ તજી દઇને, સંગ સારો કરજોરે,
ગોવા ભગત એમ ભણે, મને તો હરી જનમ લજોરે, ભગ.

ચાબખો ૯૩.

ભીખસે સઉનાથી ભુડીરે ગધ મણસની થાવુ પડે લુડી.
એ બદામની બુણી નોયને સમજાવો પડે પેર રૂડી;
પુનના કામમાં પસો પગ રાખસે તેની બાવળી બુડીરે; ભી.
ધંધામાં તે ઉચો નાવે બાંધી જાસે જાણે હડી,
ભુતની પેઠે ધંધો તે કરતો એતો સેમાં હની લુડીરે, ભી.
પરમારથ તો કોઇ નથી કરતુ એવી દુનીઆંનીસે રૂડી,
શરમ હોય તેને આલે એવી દુનીઆંસે કુડી. ભી.
ગોવા કહે તમે સુનો કાલીદાસ પાપમાં લક્ષ્મી જેને જોડી,
તરીલ્યાં તાંણી મરી જાસે એ સાથેની આવે કોડીરે; ભી.
કયાસી આયા કયા જાવેગા ખબર કરો અપના ઘરકી—એ રાગ.

ભજન—૯૪.

ભમર ગફામાં જેણી જેણી રચના,
તેની કળા કોઇ સંત જાણે,
બોલનવાલા કોણ છે, પરભુના જન હોય તે જાણે. ભ.
તેની કળાનો પાર નથી પાંમ્યા, કોઇ મુરખ મુમતા તાંણે,
પરાપસંતી મધમાં વીખરી, ગુરૂગમ હોય તે જાણે. ભ.
ઇંગળા પીંગળામાં ચંદા સુરજ વસતા, સુખ્સમણામાં હંસ માંને,
દસ નાડીમાં ત્રણ મુખ્ય છે, અનુભવી હોય તે જાણે. ભ.
ગોવા કહે સુંનો ઇશ્વરદાસ, હરીને એસો ઠેકાંણે,
સઉથી ધણી ન્યારો બીરાજે, તત્વસાર કોઇ સંત જાણે. ભ.

પડજીયા—૯૫. (પરજ રાગ.)

હરી હર હરરે મેલ જરૂખા પડયાં રહયાં,
હરીહરહરરે રૂવે કટમપરીવાર મારા બંધવા હેત હતાં તે કયાંગયાં.
હરી હર હરરે રળ્યું કમાયું પડયું રહયું,
હરી હરહરરે રૂવેસે માતને તાત મારા બંધવા બેની રૂવે પસાડખડ
હરી હર હરરે આશા લાંબી લાંબી બાંધતો,
હરી હર હરરે તે તો વીસારી હેઠયા મારા બંધવા કાયા લાંબી
થઇ પડી રહી.
હરી હર હરરે નારીથી નેહ ગણ્યો હતો,
હરી હર હરરે રૂવે આંસુડાંની ધાર મારા બંધવા આવું તમને નાગમે.
હરી હર હરરે જામા પહેરવાના પડી રહયા,

હરી હર હરરે નાગા નાશીને કેમ ગયા઼ ઓ બંધવા,
આરે ઝરૂખે કુણુ ભમે, હરી હર હરરે મારૂ મારૂ કરી મેળવ્યું.
હરી હર હરરે તે તો વીસરઇ કેમ ગયુ ઓ બંધવા,
પુનમાં જીવન તો ચાલતો, હરી હર હરરે કાયા નથી ગોવા આપણી;
હરી હર હરરે કાનુ પછે સપકણુ મારા બંધવા ટેમ શેર
થશે સઉ ચાલતાં.

ભજન—૯૬. (વાલા વેગે આવોરે, બીડો મારી ભાગવા હોજી—એ રાગ.
શાખી વગર ગાવાનું.

વાલા ખબર લેન્યરે નીચતતુ રેન્યરે ભગતોને તો દુખ પડેરેજી.
તાવે તું તો લોઢું તાવેરે લવાર અધીરાંને ધીરજ રેન્યરે. વા.
કલજુગમાં તો થોડી ભકતીએ દરશન થાય લોકને વીશવાશ રેન્યરે.
પરશાન તન મન સુખ્યા વગરનાં થાય દુનીયાંને ધીરજ રેન્યરે. વા.
ગોવા તારે ગોવીંદની સગઇ, બીજુ સરણુ લેન્યરે. વા.

ભજન ૯૭.

મુળ મેલમાં બસે ગણેસા ઉનકા ધરી લેને ધાંન, ભક્તી મરજીવાંના
કાંમની એ—રાગ.

પાંચ તત્વના બન્યા તંબુરા, મનકા બનાઇ લે તાંન,
અવસર આવ્યો છે કે આવસે;
અલ્યા છોડી દે અભીમાન અવસર આવ્યો છે કે આવસે,
પાંચમાંથી પચીસ થયા, ચાલવામાં ડચો પંડય; અ૦
સઉનો ધણી ન્યારો બીરાજે, દે છે તેમને દંડ, અ૦

જેને માંયે પાંચ દસ વસીઆ, કેવીસે તેમની ટેવ. અ૦
તેના વાંસે દસ દેવ ફરતા, ઓરખી કરી લે સેવ. અ૦
ખોર કરીને ખોજી લીધા, ખરા બનયા આખેત; અ૦
સીવ થકી જીવ થયા, સંત રાખસે હેત. અ૦
તેનાથી ધાંન રાખી, ગોવા તનમાં ગાય અ૦
ત્યાંની પુરૂસે ખોજી લીધા, મુરખ ગણા અથડાય; અ૦

ભજન-૯૮. (દીનાનાથ દયાળ દામોદર દરશનથી દુઃખ ભાગે-એરાગ.)

ભજન કરોને ભાઇ ભજન થકી સુખી થાશો,
માત તાતને મોટા ભાઇ તેની શેવાથી તરી જાશો.
કામ ક્રોધ તજી દઇ સંતોષે સદા રહેવું,
વિદ્યાગુરૂની વિદ્યા લઈ સતગુરૂના શરણે રહેવું—ભજન ૧.
રામ નામ સદા લેવું જીવ્યાને બીજું કામ નથી,
માયા મુકી મરી જાવું કાયાનો ભરોસો નથી—ભજન ૨.
વિવેક વિચાર વેરાગ રાખો શાંતિથી સદા રહેવું,
દુઃખ સુખ હૈયે ન ધરીએ આનંદમાં સદા રહેવું—ભજન ૩.
ગોવા સિખામણ માની લઈ ગોવિંદના ગુણ ગાવો,
માન વડૈયો મૂકી દઇ પ્રભુના શરણે આવો—ભજન ૪.

ભજન-૯૯. (થોડા થોડા થોડા જુગમાં જીવન થોડા અરે તારા પડયા રહેશે લાખ કરોડા. એ રાગ.)

લંકા કહે છે તને ધન ધન રાવણારે,
ભલે લાયો સીતા નાર,

હવે થશે મારા રામના આવણારે. લંકા ૧.
સીતા થકી હું ઘણું સુખ પામુંરે,
અહોનિશ તેના ચરણામાં નમુંરે. લંકા ૨.
સુખી થશે હવે પરિવાર અમારોરે,
એ તો આધાર મારા શિવજી તમારોરે. લંકા ૩.
શિખામણ લેજો રાવણજી અમારીરે,
સીતા મૂકી દો કહેશે મંદોદરી નારીરે. લંકા ૪.
હનુમંત આવ્યા ત્યારે પુરી થઇ આશારે,
લંકા થઈ છે સત સોનેથી પ્રકાશારે, લંકા ૫.
પાળ્ય બાંધી ત્યારે રામજી પધાર્યારે,
રામજીએ રાક્ષસ સર્વ સંહાર્યારે. લંકા ૬.
બેલો ભભીક્ષણ રાજ્ય તુમારારે,
અમર રાજ્ય ચોથું પદ એ ન્યારારે. લંકા ૭.
દીલ રામા કોઇ આતમજ્ઞાન જાણેરે,
મુરખો હોય તે લંકા પેલી જાણેરે. લંકા ૮.
સતગુરૂ મળ્યા ગોવાને સત વસ્તુ આપીરે,
અરે એ તો બ્રહ્મા નથી શકયા માપીરે. લંકા ૯.

ગરબી—૧૦૦.

આવના આવના આવનારે શ્યામ મેરી ગલીમે આવનારે. એ રાગ.

તાનમાં તાનમાં તાનમાંરે મારી ગાડી ચલત હે તાનમાં,
મુરખ જન તે માયામાં લેપાશે ફરયા કરે અભિમાનમાંરે—મા.

સુરત નુરત દો ઘોરીલા જોડયા ભેદયાં છે ખટચક્ર ભાનમાંરે—મા.
ત્રણ ગુણુની મેતો તરીઓળ બનાઇ આધી દેવ આયા શુહંગની
જાનમાંરે—મા.
અંતસકરણુની ગાડી બનાઇ રસ્તો બતાયો સોહંગ શાનમાંરે-મા.
ચોવીતત્વ નામે તો શીલા થળાયા પચીશમી માયા માણુમાંરે-મા.
બંકનાર રસ્તો શીધો બનાયો ચડવા ભમર ગફ્રાની ભાનમાંરે-મા.
ચંદા સુરજ પાસે જોત જલતહે અમે બેઠા તરવેણીના ધ્યાનમાંરે-મા.
ગુરૂથકી ગોવે ગોવિંદ ઓળખ્યા ચોરાશી મટે ગુરૂ શાનમાંરે-મા.

ભજન—૧૦૧ (થોડા થોડા જગમાં જીવના થોડા. એ રાગ.)

ખેલે મારો રામ એક અખંડ બ્રહ્માંડમાંરે,
સત તારૂ નામ ખેલો આ દેવલમાંરે. ખેલે૦ ૧
જળ પૃથ્વી આકાશવાશ તારો પવનમાંરે,
નથી ઠામ ખાલી જોયા ચૌદ ભોવનમાંરે. ખેલે૦ ૨
ફળ પુલ વૃક્ષ એ તો નામ જુદઇ મારે,
અંતે જોવાનું એક રશ એકાકારમાંરે. ખેલે૦ ૩
એવું સમજ્યા ત્યારે થયા મગનમાંરે,
ગોવા ગોવિંદ નામ ફેર પડયાં છે જુદઇમાંરે. ખેલે૦ ૪

ભજન ૧૦૨. (રાગ ઉપરનો.)

ન્યારો ન્યારો ન્યારો મારો નિરગુણ ન્યારોરે,
એક આશરો આધાર છે પ્રભુ તારો. ન્યારો ૧
જયારે જાગ્યો ત્યારે થયો અજવારોરે,

તદાકાર દીસે છે બ્રહ્મ અપારોરે. ન્યારો ૨
સિંધુ તળાવ નદી જળ નિવારોરે,
એ તો શોધે છે મહાજળ આરારે. ન્યારો ૩
લાકડામાં અગ્નિ એમ પ્રકાશ તમારોરે,
ગોવો દરશે દરરોજ નામ તમારોરે. ન્યારો ૪

ગરબી—૧૦૩.

ધ્યાનમાં ધ્યાનમાં ધ્યાનમાંરે કોઇ હરિજન આવે ધ્યાનમાં,
પૈસાદાર થઈ પેટ પાપે ભરશે, નહિ ભક્તિ કેનાંરા દાનમાંરે. કોઇ ૧
વેદશાસ્ત્ર શ્રવણે ન સુણે, એમ ચાલ્યું જાય માનમાંરે. કોઇ ૨
ભજનમંડળીમાં એતો શાનો આવે, મોટાપણાના માનમાંરે. કો. ૩
ખોટાને ખરૂં તું તો માની બેઠો છે, સંભાળ જાવું જ મોની જાનમાં. કે
ગોવા ગોવિંદને શરણે જાને, સમજ્યો ગુરૂની શાનમાંરે. કોઇ ૫

ભજન—૧૦૪. ક્યાંસે આયા ક્યાં જવાના ખબર કરો અપને ઘરકી—એ રાગ

સબ ઘટમેં હરિ બીરાજે જુગતી વાલે ઠીક કરી,
નાચ નચાવે ખેલ રચાવે દોરી તેના હાથ ધરી. સબ. ૧
ગગન મંડળમાં અમિરસ ભરીયા જરમર જરમર રહ્યા જરી,
નુગરાકુ તો ગમ નહિ ભઇ સુગરા પીયે ભરી ભરી. સબ. ૨
પાણીકા પુતળા પવનકી રેખા જોઇ લ્યોને કાંઇ વીચાર કરી,
મન પુરૂષ માંય મોભી બેઠા સુખ દુઃખ સે અજ્ઞાન કરી. સબ. ૩
એકરસ બ્રહ્મજળ ભરીયા સોનાની જેમ ચીને કરી,
જેસા ફાંનસ કાચકા તેની બતીયાં દીખાય ખરી. સબ. ૪

રામ ધામ ગોવાએ પરખ્યા મોક્ષ થાવો કાંય વિચાર કરી,
સબ સંતાકુ પાચે લાગુ સંતામાં મેરી વૈકુંઠ પરી. સબ. ૫

ભજન—૧૦૫ (રાગ ઉપરનો.)

કુણુ કિશીકા જાપ જપુ ઓળખ લીયા એક અવિનાશી,
સાત સાગરમેં સાથે નાયા નાયા સો ફેર નહી નાશી
ગંગા નાયા જુમના નાયા ઓર નાયા કોટી કાશી;
અડસેંઠ તિરથ અંગે નાયા નાયા સો નીળમળ થાશી, કુ.
નહિ મરતા નહિ જનમતા મુકિત હોત ઉનકી દાશી,
ચૌદ બ્રહ્માંડમાં બ્રહ્મ જળભરીઆ માંય ફરત બાદલ બાંસી. કુ.
મહાસાગરમેં મછલી રમત હે એમ કાયા તો મને ભાંસી,
અખંડ બ્રહ્માંડમાં ખેલ રચ્યો હે દુસરા નહિ એક અવિનાશી. કુ
ભવસાગરની ભ્રાંતિ ભાગિ ગોવો ચરણુ તેના ગાશીં,
જળ પરપોટા જળમાં સમાશે નિર્મળ જળ એક દિન થાશીં કુ.

ભજન—૧૦૬. (રાગ ઉપરનો)

આકાશથી ઉંચા પાતાળથી પોળા પરવિણુ એક મેં પંખ દીઠા,
શુન્યમાંથી શબ્દ આવે છે પરખી લેના છે મીઠા. આ.
નિગમ અગમ અગોચર કહીએ રવી શશી માંય જ્યોતી દીઠા,
બીનભેદથી ખેલ રચીયા રમતાએ પણ ન્યારા દીઠા. આ.
કાગદ કોટડીમાં અગ્નિ છુપાયા બીજમાં જેમ વૃક્ષ દીઠા,
જળ બીચ જેમ કમળ રહેતા એમ હરિને માંય દીઠા. આ.
ગોવા ગાવે ગ્યાંન ગંભીરા તરવેણુીમાં તાલ દીઠા,

જડપદારથ જુગ તે જાંણે ચરાચરમે તન દીઠા. આ.

ભજન–૧૦૭. તારો મટીઓ નહિ અભિમાન ભક્તિ મરજીવાના કામની. એ રાગ.

શું મિથ્યા કરે અભિમાન કાયા નથીરે તારા કામની,
પર પલ્લે પડયો તારો જીવ કેફ ચડી છે માયા ભાંગની–૧.
તારૂં ખેત મરઘલા ખાંય ખાલી માળો ટોયનો ઠાંમન,
તું સંભાળ મુરખ મૂઢ મિથ્યા મોયો છે શું દામને–શું મિ૦ ૨.
તું કોણુ છે તે વિચાર મોહયો મગરૂબીથી માંનને,
તું કુડી કલપના કાડ ઓળખી લેને મારા રામને–શું મિ૦ ૩.
અરે તારો કુણુ છે હ્યા દેશ તું તો મોહયો કીયા વેશને,
બન્યુ પચીશ,તત્વનું થુળ ગોવા સમજી લેના મૂળને–શું મિ૦ ૪.

ભજન ધોળ—૧૦૮ પરગટ હિરલો પાધર વચી પડીઓ એ રાગ.

જાગ્યા વિનાના નર શું બોલે, તું છે અહીં તારૂં મન કયાં ડોલે,
સતગુરૂ મળે તો પડદા ખોલે, ખબર પડે તને ગ્યાંનનીરે ૧
ખોટાને તું તો ખરૂંરે માને, સત્ય મૂકી અસત્યને જાને,
સમજ્યા વિનાની મુમતા તું તાણે, એળે ગયો જન્મ તાયરોરે ૨.
હુંપતથી હાકોટા કરે, ભાંગ પીને જેમ બકવા કરે.
સંત પુરૂષ હૈયે ન ધરે, સાંન તોલે સભાવ કરેરે. ૩
ગરીબઈથી ગોવિંદ ગાવો, અવસર નહિ આવે આવો,
ગોવા આપણે લોને આ લાવો, બ્રહ્મ ભર્યો બ્રહ્માંડમાંરે. ૪

ભજન—૧૦૯ (રાગ ઉપરનો)

નિરખ્યા નિરંજન નિરાટામેં હાથ આવી છે હવે બાજી,
સંસાર કાત્યાં સપ્રસ નહિ ક્યા કરે પંડિત કાજી. નિ. ૧
કાયા નગરીકા પાર ન પાવે માંય બસે મોટા માજી,
સાડેત્રિણ કરોડકી રોમ બસ્તી જુગતી બખાનું કંપાગ્રાઝી.નિ.૨
એકવી હજાર છસેં કાળ ચોદ્ધા માંય બસે એક રાજાજી,
નવ દરવાજે હવૈ ફરતી દશમેં દવાર નોબત ગાજી. નિ. ૩
શિવરામ બ્રહ્માણુ ભેદ બતાવે બ્રહ્મભટ ગોવા ગાવેજી,
અજરા અમર ચકર બીચમેં જોતકા દર્શન પાવેજી. નિ. ૪

ભજન—૧૧૦.

જોત નહિ ત્યાં જાત નહિ નહિ મનકે નહી માયા,
ઉનકી વાસના પવન ચલતા ઉસમેં સબ જગ ભરમાયા. જો. ૧
નહિ કથવામાં નહિ બકવામાં ન જાય કોઇકા દેખાયા,
ઉનકા ભેદ કોઈ નાં પાયા નિરગુણ નામ પીસે ઠેરાયા. જો. ૨
પાપ નહિ ત્યાં પુન નહિ નહિ શુક્ષ્મકી ત્યાં છાયા,
પાંચ તત્વમાં શકતા તેની તેને જગ આ ચલાયા. જો. ૩
શકતા આપી શ્રીહરિએ ગોવા ગ્યાંન આ ગાયા,
નિરમળ મનથી નિરંજન નીરખો પ્રભુ આપોઆપ આયા. જો. ૪

ભજન—૧૧૧. (રાગ ઉપરનો)

ચેત અચેત હજુ અભાગી, કુડી કલપના તેં ન તાગી,
ભવસાગરની ભ્રાંતી ન ભાગી, જન્મ ખોયો તેં બાવરારૈ. ૧

હરિ ભજનમાં ચિત ન લાયો, પછી કેશે તે હું છું ડાહ્યો.
નિંદા મશકરીમાં ખુબ તું ધાયો, પડયોજ માંની ચોટયમાંરે. ૨
ચીરા વિચારી રોને ભજનમાં દયા રાખી તું ડરને દીલમાં,
સાર નથી જે આ સંસારમાં, મરવું છે ખરૂં આપણેરે. ૩
સમજીને ગોવા ગોવિંદ ગાવે, હરિ ગુરૂ સંતને ચરણે જાવે,
મનખો મારો પાર પડાવે, ભવસાગર તરૂં ભાનમાંરે. ૪

ભજન—૧૧૨ (રાગ ઉપરનો.)

અભકત તે ભકત ન થાવે, લોઢા ઉપર કાટ ચઢાવે,
પારસ અડે પણ સોનું ન થાવે, આંતરો છે જેને કાટનોરે. ૧
કેળવણીથી કાગ ભણાવે, સાબુ વતી તેને નિત્ય નવરાવે,
બોલાવે તારે બકવા કાવે, સભાવ પડયોસે તેમનોરે. ૨
નથી ભકત તેને બોધ જો કાવે, કમળ પતા પર નીર ઠરાવે,
હાલે તરત પડી જાવે, કડઆશછે ભઇ તેનામાંરે. ૩
શશુંદરાને સુર્યનું કેવે, માંને નહિ તે જુઠું લેવે,
ગોવાને ગુરૂ ગ્યાન દેવે, ઓળખ્યા છે શ્વાસ ઉશ્વાસમાંરે. ૪

ભજન–૧૧૩. કયાંસે આયા કયા જાનેગા ખબર કરો અપના ઘરકી–રાગ.

નિર્ગુણમાંથી ગુણ આયા હાંસી સરખા દેખાયા,
ઘટો ઘટ ભીન આંતરા તાલ કેસા મિલાયા. નિ. ૧
તેરી કલાકા પાર ન પાયા જીવ જુદાઇ કયાંથી લાયા,
હું હું કરતા હુંપદ ધરતા જાણ્યા સો પ્રમપદ પાયા. નિ. ૨
નિરાકારમેં આકાર દેખ્યા બ્રહ્મવેતાએ ભેદ પાયા,
જળ મોતી ભેગા ભળીઆ હંસ થયા તો હાથ આયા. નિ. ૩

...વિંદ ગુણ ગાયા, ચિતમે ચિત મીગાયા,
... ...થી ... તો નિર્મળ જળ થઇ રહયા. નિ. ૪

ભજન—૧૧૪ (રાગ ઉપરનો)

... પુછુ જ્યાંની પંડિતા એક અજંપા મને થયા,
... કરીને ભેદ બતાવો કહો ચેતન ક્યાંથી આયા. પ્ર. ૧
...થી આયા કયાં જવાના પાંચ તત્વ શાના થયા,
પાંચ તત્વને જડ કેમ કીધા ચેતન ન્યારા કેમ કયા. પ્ર. ૨
જેમાં ઉત્પતિ તેમાં સમાયા આનંદાઆનંદ રહયા,
નાશવંત ચિજ તે જડમાંનો ઉગરે તે ચેતન રહયા. પ્ર. ૩
ચેતનતાં એક રસ જાણોના ગયા કે ના આયા,
પાંચ તત્વ તે જડમાંનો તે ગયા ને તે આયા. પ્ર. ૪
પ્રજાપતિ કુંભ ઘડે તે ફુટયા નવા થયા,
એકરસ અકાશ જાણો નાં તુટયા નાં જુદા થયા,
સ્થુળ શરીર તે જાવે આવે ગોવા એ તે સત્ય કહયા,
ધુળ મીશરી ભેગા ભળીઆ કીડી થયા તો હાથ આયા પ્ર. ૬

ભજન—૧૧૫. સત શબ્દકી સીડી જેણે પકડી સેજે ચઢી ગઇ અસમાની—રાગ

ભાગી ભવ બેડી કાઢી નાખી બેડી ચઢયા છીએ ચેતન ઘોડે,
બાંધુ કમર કસીને સુરતામાં વસી ભેગું કરૂં થોડે થોડે. ભા.
જ્યાનથી ભાળું વરતીવાળું સુરત નુરત બે રાખુ જોડે,
નિશાન તાકું મોક્ષ માગું ના ચઢું ઉલટે ઘોડે. ભા.
હાથે હથિઆર પાંચને માર્યા નિ ડર્વાનો કોઇની રાડે,
હાથ ચઢું વાંણ બેઠા નિર્વાણ સાગરપાણીમાં પાર પડે. ભા.

આવ્યો વિવેક દેખું એક બીજો નથી હવે કુણ નડે,
ગોત્રા થયા ગંભીર રાખી ધારણુ ધીર ઘટ પોતાનો પોતે ઘડે ભા.

ભજન—૧૧૬ (રાગ ઉપરનો)

ભાગી ગઇ ભ્રમના તુટી ગઇ લવના ઉઘડયાં છે અંતર તાળાં,
પાછો વળીને પંડ તપાસું તો અલખ કેરાં અજવાળાં. ભા.
પુરા પરબતકું ખેંચાતાણુ કરે એવાં છે આળ પંપાળાં,
મછલી મગરકુ સાગર લે ચલી એતો નજરે નિહાળાં. ભા.
ધુંવા પવનને ઉપાડી લેછે એતો નજરે મેં ભાળ્યાં,
અટપટી આંટી ઘડી છે ઘાંટી ઉધેઇએ અગ્નિ બાળ્યો, ભા.
વાત છે સાચી પસે જુઠી નાં જાય કોઇનો તાંણ્યો બાળ્યો,
કર્તા ખેલ એવો રચ્યા કરે છે ગોવે ધણીને નજરે ભાળ્યો. ભા.

સતનારાયણુનો થાળ-૧૧૭

જુની કરું ધારા હો જીવણુ અમારા—એ રાગ.

સત્યનારાયણુ ન્યારા હો પ્રભુજી પધાર્યા,
વર્ત પુરણુ થયા અમારા હો પ્રભુજી પધાર્યા, ૧
વાલાજી મારા દુધ ઘી સાકરનો કર્યો પાક,
જમો કેળ્યાં ને દ્રાક હો પ્રભુજી પધાર્યા. ૨
વાલાજી મારા મહા પરસાદનો છે માવો,
જમોને ઇચ્છું લાવો હો પ્રભુજી પધાર્યા, ૩
વાલાજી મારા પ્રેમે પરસાદ ધર્યા તારા,
જમો ગોવાના આધારા. હો. ૪

ગરબી–૧૧૮. નંદલાલ નઠ આવું ઘેર કામ છે–એ રાગ

વાલા મારા ઓરા આવો એક વાત છે તારી ઓછી આહીરની જાત છે
વાલા મારા ઓરા આવો એક વાત છે. ૧
નહિ આવો તો દુખ ઘણેરૂ રે એક દીન તનડાંની ઘાત છે. વા. ૨
હું કેમ આવું વાલા બીક છે ઘણેરીરે નીંદાખોરી મારી નાત છે. વા.૩
ઘનશામ સ્વરૂપ તારૂં કળ્યું, ન જાત્રે પીતાંમર જેણીજેણી ભાતછે.વા
ગોવાના સ્વામી સામળા આવો તો આજે આનંદની રાત છે. વા. ૪

ગરબી ૧૧૯—(રાગ ઉપરનો)

વાલા મારા જુમનાને તીરે આવજો, સાથે રાધેપ્યારીને લાવજો. વા.
ત્યાંરે આવો તો રાશ રમીશું, મધુરથી મોરલી વગાડજો. વા.
સોળસે ગોપી એક કાન બ્રમચારી, પ્રેમભક્તિથી ગોપીસે લાવજો વા.
માથે મુગટ શ્રીરછત્રરે સોહેએ, તારો પામે નહી કોઈપારજો. વા.
ગોવાનો શામી શામળો સ્નેહી, તમે ભકતોની દયા લાવજો. વા.

ગરબી ૧૨૦–(રાગ ઉપરનો.)

જટ બેને ચાલે છે આનાવડું જો તને કેવું પડે છે મારે આવડું જો
તને મારૂં બોલ્યું તો નહિ ગમેજો લખચોરાશી ફેરા ઘણા ભમેજો,
આ કહ્યું તે મનમાં લાવીજો સંતગુરૂના ચરણે આવીએજો;
માંન માંન કહ્યું તું માંનવીજો એક ભકિત હરિની જાણવીજો,
દાસ ગોવા ગોવિંદ ગુણ ગાવનાજો મારા પ્રભુના ચરણે આવનાજો;

ગરબી—૧૨૧.

તારા માથે છે જમનો મારરે ઉગ તને કેમ આવે, એ—રાગ.

તુ તો દુબધામાં ખઇ રયો ગોથારે પાંમર પ્રાણીયારે,
અલ્યા ભજન વીના છે બધાં થોથારે. પા૦

તારા માથે છે જમનો મારરે પાંમર.
કેમ વાલાને હજુ વીસારોરે, પાંમર,
અંતે ખેલ છે સરવે ખોટોરે. પાંમર.
લાખ મળસે તોયે છે ટોટોરે, પાંમર.
વાટ મુકી દેછે કેમ સીધીરે. પાંમર.
તારા પાપે હેરી તારી બુધીરે. પાંમર.
ગોવા ભજનથી રેશે જેહા ગેરે. પાંમર,
જમના ધોકા તેને ઠીક વાગેરે. પાંમર.

ગરબી—૧૨૨. (રાગ ઉપરનો)

આજ આનંદ વધ્યો મારા ઉરમાંજો મારી અરજી પોચી છે હજુરમાં
દયા જાણી પ્રભુએ લીધા સાથમાંજો ભાવે જમો લાડુ બે હાથમાંજો
સંત સાધુ મેં સેવ્યા સુરમાંજો મને ફાવે નહિ આકુડમાંજો-આ.
ભવ ભુલ્યો ચુકીશ આ દાવમાંજો નહિ ડુબું બેઠો છું આ નાવમાંજો.
ગોવા ગોવિંદ ગાય ગ્યાંનમાંજો અમે સમજ્યાં ગુરૂજીની સાંનમાંજો. આ.

રાસલીલા—૧૨૩.

પ્રભુ દીઠા જુમનાજીના ઘાટમાંજો હવે વાંણુ વલ્યા હરિ વાટમાંજો
એક કૃષ્ણ જીવન બીજી ગોપીઓજો રાસ વનમાં આવીને રોપીઓજો
રાસ રમે ગોપીને રમાડતાજો ગોપિ સાથે જુદારૂપ દેખાડતોજો
લીલા દેખીને જે નર ગાય છેજો તેનો વાસ વૈકુંઠમાં થાયછેજો
વીના દેખે રાશ લીલા ગાય છેજો તેનો પંડ પલ્યામાં જાયછેજો
શીવ કૃપાએ રાશ લીલા દેખીએજો ગોવો ગોવિંદ ચરણે ભેટીઓજો

ભજન—૧૨૪. (રાગ બેહાગ)

નગરી લુટે છે કોઇ જાગો પાંચ ચોર નગરી લુટે છે કોઇ જાગો.
પાંચ તત્વની બની છે કાયા શબ્દનો મૂળ છે આઘો–નગરી૦
સગાં સબંધી કામ નહિ આવે નહિ આવે એક ધાગો–ન૦
અંત કાળે મરવા બેઠો ત્યારે સગાંવાળી કાઢવા લાગ્યાં–ન.
મધ્ય મોહમાં પુરણ ભરીઓ મમતાનો નાયો ત્યાગો–ન૦
મરવું તેતો સાચું જાણે પણ હરિ ચરણે ચિત ન લાગ્યો–ન.
ગોવા કહે જે હરિ ભજીલે અંતે થવાનો આઘો–નગરી૦

ભજન—૧૨૫ (નાથ કે છે ગર્જકો બંધ છોડાયો–એ રાગ)

ભજન વીના ક્યુરે ફરો હો દીવાના,
મુકીદોને કાયાના અભિમાના—ભજન૦
પલકો આયુસ તેરા પલમાંજી ઘટતાં,
એક દીન ફના મકાના, મરનેકા શબ્યા સબ લોગોને;
તોય છુટે નહિ અભીમાના—ભજન૦
માન ગુમાન કામ ધંદા છોડી, હરદે ભજો ભગવાના,
નીરમળ મનથી નીરંજન નીરખો,
કાયા ના હોય કલ્યાના—ભજન,
ગોવે ગોવીદકી ગતી પાઇ મન રાખે મિજાના,
તન છુટે તેરા કોઇ નહિ સાથે નામ નહિ નીશાના–ભજન૦

ભજન -૧૨૬ (રાગ ઉપરનો)

ભજન કરતાં શું ભુલે બાઇ મારા ભજન કરતાં શું ભુલે,
તારું મધ્ય વચેલાણુ ડુલે બાઇ મારા ભજન કરતાં શું ભુલે,

અનેક જનમના પુનવડે મનુષ્યા જનમ તારો આયો;
હરિકા ચરણે ચિત નહિ લાગ્યો જનમ એળે ગુમાયો—ભ.
કરે ફોગટ ફદામાં શું નર ફસાતા દેખત પાડા છો ખાડા,
સંત સાસતર પોકારીને કેતા તોય ચાલો છો આડા—ભ૦
ચેત અચેત હજુ અભાગી પકડ લે હરિકાં બાંના,
પવન વેગે આયુષ્યતા રાજાતા હોયગી ફને મકાના;
રાંમ નાંમકી લગી મારે લગની ચીત ચેતી રહેવું,
ગોવા ગોવિંદથી કરી સ્યોને નેઠા સુખ દુઃખ હિચેન લેવું.

ગરબી—૧૨૭. (તાનમાં તાનમાં એ-રાગ)

ભકતી કરે છે ભુડા ભાવથીરે તું તો ભકતી કરે છે ભુંડા ભાવથી
રૂપ દેખાવે નેન નચાવે, ખેલ્યા કરે છે ખુબ દાવથી—તું.
લોકને જણાવે હુતો ભકત છુ ભાઇ,
મન ખેલે છે લુચા લાવથીરે—તું૦
નારી દેખીને ગુલતાનમાં ગાવે,
રાગ કાઢે છે ખુબ રાડથી—તું૦
નઠારા નરતે નરકનાવાસી ગોવા છુટયા જમ મારથીરે—તું.

ગરબી—૧૨૮. (રાગ ઉપરનો.)

ગાય છે નીગુણ નામમાંરે લુચ્ચા નીગુણ ગાય જ્ઞાનમાંરે,
નીરગુણ શીવ ગુણ ભેદ નાં જાણે.
ખાલી ગાય છે રાગ તાંનમાંરે—લુ.
સમજ્યા વીના તારો મોક્ષની થાય;
જમનો ધોપો છે રાખ્ય ધ્યાનમાંરે—લુ,

ગાયા તે નર સમીજીને ગાયા, તે તો બેઠા વઈમાંનમારે—હું.
દેવ ચકશુ થાસે તારે વઇકુંટ દેખે;
ભકત થયે પ્રભુ તોલમાંરે—હું.
જીવ શીવનુ રૂપ જાણી નીરગુણ ગાજે,
ગોવા નમે સલામમાંરે—હું૦

ભજન—૧૨૯. (રાગ પરજ.)

સંત સંબંધ બાંણુ વેઠશેરે તેની પુરી થશે આશરે,
ચારે પદારથ પાંમશે તેનો વઇકુંઠમાં વાશરે. સંત. ૧
અવગુણ એવો નર હરે મળશે મોટું એને રાજરે,
સ્વામી તે નર જાણવો તેનું સરયું સરવે કાજરે. સંત. ૨
અનંત ટાંકણાં જેણે ખમ્યાંરે તેને નમે સઉ લોકરે,
બીજા પથર ગણા પડયારે પણ માંને સઉ ફોકરે. સંત. ૩
પારસ સંગ લોઢું રહેરે તેને બીજો ચઢે રંગરે.
સાધુ સંગમાં જે રહેરે તેનું દુખ થાય ભંગરે, સંત ૪
દુનીયાંના દુખનો પાર નથી સેવાં સાધુ ગુરૂ સંતરે,
સુખ ત્યારે પાંમશો ગોવા કહે તે સતરે. સંત. ૫

ભજન—૧૩૦.

(આવના આવના આવનારે સામ મેરી ગલીમાં આવના એ રાગ)
ગાય છે ગાય છે ગાય છેરે જો નુગરા ગોવિંદ ગાય છે,
સુખ દુઃખનો તે ભેદ ન જાણે, અવળો તે વેટાય છે—જો નુગરા.
ગુરૂ બોધ વિના સુખ ન પામે મન ચંચળ તેનું થાયછેરે. જો.
કાંમી પુરૂષ નીરગુણ વાંચે અવળા મારગે જાયછેરે. જો.

મોક્ષ થવાની ઇચ્છા જો જાણુ વેરાગે સંતોષી થાયછેરે. જો.
વિચાર વેરાગથી શાંતિ જેને થશે તે તો સુખીઆ થાયછેરે. જો.
ગોવા કહે ગુરૂ સાચા જેને મળશે દુનિયા નથી તેવું થાયછેરે. જો.

ભજન-૧૩૧.

(મુલ મેલમાં બસે ગણેશા ઉનકા ધરી લે ધાન—એ રાગ.)

વીવેક વીચારથી ભેદજ પાયા ઓલખી લીધો છે,
એક ફકીરી લીધી તેના નામની.
પાંચને પકડું મનને મારૂં તેનાથી ધારૂ હવે ટેક. ફ.
ખટ ચકરમાં ખેલ તુમાર ઉતમ ઠામ બ્રમાંડ. ફ.
ત્રીઓનીમાં કીઆ તપાસા ભલે પાંમ્યા આપાંડ ફ.
ઇગલા પીગલા દોનું છોડકે શુસ્યમણામાં સાય. ફ.
રાંમ રાંમ રણકારા રમતા ગગન ગરજના થાય. ફ.
શર ક્ષરથી પર માલે તની કમાણીને ધન. ફ.
માન ગુમાનનો મદ છોડી કુડી કલપના ટાલ. ફ.
તલભાર જગ્યા નથી ખાલી ગોવા બ્રમમાં માલ.
ફકીરી લીધી તેનાં નામની.

ભજન ૧૩૨. (નાથ કૈસે ગજકો બંધ છોડાયો—એ રાગ.)

જમસે નહી ડરવાનો ગુરૂજી મારા જમસે નહી ડરવાનો,
ત્રણ પદ જાં જમડા ગેરે ચોથા પદે ફરવાનો.
શર ક્ષરથીપર મારો શાંમી તેમાં જઇ ભળવાનો. ગુરૂ.
રાંમ નામકો રણકાર વાજે ધુનમાં ધ્યાન ધરવાનો,
પાંચ ચોરકુ પકડીને બાંધું જીવત રહુ મરવાનો. ગુરૂ.

સુખ દુખ હુએથી કાડું શાંતીથી ફરવાનો,
સંસાર બચમાં કમળ પઠે રેવું કો કુણુ નડવાનો. શુરૂ.
પેટના પડપચ મુકી દઇને પેટની વેઠ કરવાનો,
ધંધો કરવાથી કોઇ નથી ડુબતું રસ જુદો તરવાનો. શુરૂ.
ગોવા હરિકો હજુરનો કર હરદમ ચીત ધરવાનો,
રાજાનુ કારભારૂ જેણે હાથ લીધુ શપઇ સલામો ભરવાનો શુરૂ.

ભજન–૧૩૩. (દીપક વીના મંદીર કેસા જેસા ગોર અંધેરા. રાગ.)
ગુરૂ વીના ગ્યાંન નહીં હોતા વાંચે પુરાણુ અપારા,
કયુરે મુરખ તું બાર જોતા દેખો દેવલ તુમારા.
આ દેવલમાં હરી દેખ્યા રમતારામાં હો રામજી. ૧
વીના આકાર વીના પખડીઠામાંઇ નવલખ તારા,
રવી શીશી જોતી ડીઠા સબ જગમાં પસારા આ દેવ૦
પાંણીથી પતલા પંખી ડીઠા લંબા ચોડા અપારા,
ગુણીજન ગુણુ તેના ગાય છે કોઈ પામે નહીં પારા. આ૦
પ્રેમ વાણી ગાવું ભાવથી નમુ નામ છે ન્યારા,
શ્રંમાવીશનું શંકર તને નમે તું છે ગોવાના આધારા આ૦

ગરબી–૧૩૪.

તારા માથે સે જમનો મારરે ઉગ તને કેમ આરે. એ રાગ.
તુ તો શું દેખી થયો રાજીરે જીવડા જુઠારે,
આવી ચુકી જાય છે બાજીરે જીવડા જુઠારે.
તારાથી પેટ સારૂ કુતરા ભરતારે જીવડા જુઠારે.
ખઈ પીને મજેમાં ફરતોરે જીવડા જુઠારે. તું ૧

તારે હાડો જાવ સદા કુડનોરે જીવડા જુઠારે.
તું તો અવતાર ભોગવે ભુડનોરે જીવડા જુઠારે. તું ૨
તારી જ જાળમાં ઉંચો જરા નાવેરે જીવડા જુઠારે,
હરી ભજનમાં કયાંથી આવેરે જીવડા જુઠારે. તું ૩
હરી ભજન વીના થાય ખોટીરે જીવડા જુઠારે,
ગોવા રહી ગઇ ખોડ મોટીરે જીવડા જુઠારે. તું. ૪

ગરબી ૧૩૫.

અલ્યા જાય છે હાથથી બાજીરે શીદ તું ભુલેરે,
ભગતી લેને ગોવીંદની માજીરે શીદ તું ભુલેરે;
ફરી ની આવે આવું ટાણુ રે શીદ તું ભુલેરે,
તેં તો નામ હરીનું નાં જાંણુરે શીદ તું ભુલેરે. અ. ૧
તું તો નઇયા કરી થાય રાજીરે શીદ તું ભુલેરે,
તારા ઉપર કાળ રહયો છે ગાજીરે શીદ તું ભુલેરે. અ. ૨
મનખા જનમ દેવને છે દુલભરે શીદ તું ભુલેરે,
તે આયો તને થોડી શુલભરે શીદ તુ ભુલેરે. અ. ૩
ગોવા ગોવીંદ ગાઇ થાવો રાજીરે શીદ તું ભુલેરે.
માથે મોતની બીક છે ઝાઝીરે શીદ તું ભુલેરે. અ. ૪

ગરબી-૧૩૬. (મારા વાલીડે વાંસળી વગાડીરે—એ રાગ.

વાલીડે મોહની લગાડી કાને મારે ઘેલાં કીધારે,
મોહ પામીને અમે સંગ તેના આયો,
મહા અઘોર વનમાં ભુલાડી. કાન ૧
બાવરી બની હવે દેશ નહી સુઝે,
અહીંયા નદીઓ આવે ઘણી આડી. કાન ૨

ભુલેચુકે આવી હવે કહું નહી માનુ,
જનમો જનમની ખોડ ભુલાડી   કાન ૩
ગોપી ગભરાણી તારે કાન આવી મરીળીઆ,
દરશન દેજે ગોવાને દાડી દાડી.   કાન ૪

ગરબી—૧૩૬. (રાગ ઉપરનો.)

પેલા કાનાને દેખી દીલ ડોલ, ચતરૂભુજ ચીત લીધું રે,
નવી નવી નીત આવી રમત રમે છે,
અરે મારૂ મનડુ ચડયુ છે હીંડોલે.   ચ.
ગોવીંદ ગીરધારી તું માધવ મોરારી,
હારે તારી બનસી ના નાવે કોઇ તોલે,   ચ.
માયાના જેરે મોહ પામુ નરનારી,
હાંરે તારી મોહનીએ ત્રણુ ભોવન ડોલે.   ચ.
જુમનાની તીરે વાલો મોરલી બજાવે,
હાંરે ગોર શબદ ગગનમાં ડોલે.   ચ.
હરખી નીરખી ગોવો ગુણુ ગાય દાડી.
હારે કાંઈ ભગતી ના નાવે તોલે.   ચ.

ગરબી (રાગ ઉપરનો)

સખી આ મોરલીનો નાદ કયાં વાજે, સુણી મારૂં મન મોયુ રે,
જનંનન જણુકાર આવે છે હારે મને આણુંદ થયો છે આજે.   સુ.
ચીત લાગુ મને મોહ બાણુ વાગ્યું, જાણે પેલા કાનુડાની બંસી બાજે
કાઆ આંય મારૂં મનડુ તો છે, હાંરે જાણે મુકી દુ માવીતરાંની લાજ
કન્યા કુમારી કાનાને પરણું, હારે જો ઇશવર રાખે મારી લાજ.   સુ.
ગોવા ગોવીંદ જો પ્રેમથી ગાશે, હાંરે તેનો સરવે સરે છે કાજ.   સુ.

ગરબી—૧૩૮. (રાગ ઉપરનો)
હારે મારો હેરણી આવી હેરે છે, છબીલો છેલ નંદનો છઈઓરે,
કૃષ્ણ કૃપાળુ મારો કેડો ન મુકે, હાંરે આયો જુમનાની તીરે
એકીલો—છ.
છાંનો માનો આયો એતો ચુપ ચુપ આયો,
હાંરે મારૂ બેડલુ લઈ ગયો હઠીલો—છ.
નંદનો કીશોર એ જનમનો ચોર છે હાંરે મારૂ મનડુ
હરેરે રસીલો—છ.
તુ કરે એવું અમે નોકરીએ હાંરે માજી આ હીરનાં મન
ખાંચ એકીલો—છ.
ગોવાના શામીની લીલા એવી છે. ગોપ ગોપીથી થયો
એતો ગેલો—છ.

ભજન ૧૩૯ (ભ્રમણા ભાગી સુરતા લાગી—એ રાગ)
જોને તુ જાગી મુરખ નર જોને તુ જાગી,
કુડી કલપનાનાં ત્યાગી, મુ, જગાવી નાનો તારો જીવડો ગભરાસે
સપનામાં સુરતાયો લાગી—મુરખ.
સંત પોકારે પણ ગેરણ ભરાણી હુકારામાં હુપત લાગી—મુ.
હુહુ કરે તેને દેહ કરી માને, વીખીયામાં શું રહ્યો છે લાગી—મુ.
હુ મારૂ કરતાં આસુસ ખુટ્ટુ, ગોવાને લે તારી લાગી—મુ.

ગરબી—૧૪૦. (તારા માથે જમનો માર ઉંઘ તને કેમ આવે—એ રાગ.)
તુ મારી રયો છે શું ડોટોરે મનડા જુઠારે,
ભજન વીના દાડો જાય ખોટોરે, મનડા જુઠા;

તુ તો ભજન કેમ જાય ભુલીરે મનડા જુઠારે,
કાંઠે આવુ નાવ જાય ડુલીરે મનડા જુઠારે—તુ.
તમે લખચોરાશીમાં જાશોરે મનડા જુઠારે,
અંતે ગણા તમે પસતાશોરે મનડા જુઠારે—તુ.
કુડાં સુખ જોઈ થાય તું રાજીરે મનડા જુઠારે.
સપનાં દુખમા કેમ જાય દાજીરે મનડા જુઠારે. તુ. ૩
ગોવા ગોવીંદ ગુણ ગઇએરે મનડા જુઠારે,
હરી ભજનથી સુખીઆ થઇએરે મનડા જુઠારે. તુ. ૪

ભજન-૧૪૧. (ઇસ તન ધનકી ક્યા હે બડાઇ—એ રાગ.)

કચ્ચી હે કાયા ક્યારે ગુમાના છોડી અભીમાંન ભજો ભગવાન,
પ્રાણ તો તેરા ફેરા ફેરા ખાવે પાસા ના વળે તો ઠબકો શું કાવે,
કાયાતેરી ખાખ ઉડી જાવે સંગ તેરા તો કોય નહી આવે.
દીન પસે દીન વરસ ચલો જાવે ગયા તે તો પસે પાસા ન આવે.
કીડીઓ સોચે ને તેતર ખઇ જાવે કંજુસ સાંચે કેડ હોય તે ઉડાવે,
ભોગવે તે તો ભાગ્યશાળી કહાવે મુવા કેડે કો સુ કામ આવે.
વીરલાંના દાડા આનંદમાં જાવે કંજુસ હોય તે હાથ ઘસતા જાવે.
ગોવા ગોવીંદ ગુણ સદા ગાવે ફરી મનખ્યા જનમ કયાંથીરે આવે.

પદ-૧૪૨ આંખે નાં સુઝે તારે પથરાને પુજે, તારી આંખડીએ અંધારો—રાગ

લાંબી લાંબી આશા શું બાંધો તમે મનમાં તો વીરો,
ઘડીરે પલકની ખબર નથી ભઈ કાલના શોસે ઉધગે,
કુણ સે તુ કયાં આવી મળીઓ મનથી તમે વિચારો. મન.
કુડી કલપના ખોટો ખેલ છે આમાં કોણ છે તારો. લાંબી.

નદીઓ સીંધુથી શટે ફરતી શોધ્યો સીધુ આરો,
જીવમાં અવીધા પડી તારે ગ્યાન રઈ જોનારો. લાંબી.
ખોટો ખેલ ધારી તમે હરી સરણે આવો કલ્યાણ વાંચો તમારો.
આ અણી તમે ચુકી ગયા તો નહી આવે આવો વારોરે. લાંબી.
આ કલપના સરવે ખોટી ગોવા કોઇ નથી અઇ તારો. લાંબી.
હરી ભજન ની કરશે તો રેશે પાપનો ભારરે. લાંબી.

પદ ૨૪૩. ઇસ તન ધનકી કયા હે બડાઇ—એ રાગ.

દેખો ભાઇ કુદરતી ખેલ હે નારા, દુખ સુખ કાયા સાથે રેનેરા,
સુખ દેખી હરખ ન લાવો, દુખ દેખી મનથી ના પસતાવો દે.
કોકકે બાઇરા દોદો કીલારા, એક તો હાથે બળે બીચારા,
કોઇને છોકરા ચાર પાંચ થાવે, કોઇને પુત્ર વીના લક્ષમી એળે જાવે. દે
વરશા ભેગા વરસાદ થાવે, જોયે ત્યારે બુંદ ના આવે. દે.
સમજુ પુરૂશને સમજી રેના, આ સનસારના સુખ દુખ નહી લેના,
ગોવા ઘણાકા અકળ હે ઘેગાના, કોઈદીન સુખ ને કોદી હેરાના. દે.

ગરબી—૨૪૪. (ડાકોરમાં ઠાકોર વશીયારે—એ રાગ.)

ઓરા આવોરે કાના કહુ વાતરડી, તારી શામ સુરતી કમર પાતરડી,
તને દેખી મને હરખરે થયો છે, ઠરી છે આજ મારી આંતરડી. ઓ.
વાલમજી મારૂ રે કયુ તમે માનો, ચાલોને મારા સાથરડી. ઓ.
ગેરે આવો તો રંગભેરરે રમીએ સુખમાં જાય આજ રાતરડી—ઓ.
જમવા માટે આજ ખીચડી બનાવું દઇ ભાગી સારી કરૂં કડી—ઓ.
દુધ કાઢી મોય સાકર નખાવું રાજીરે થઉ તમને જમાડી—ઓ.
ગોપીના ગેરે વાલો ગીરધર પધારયા લાગી ગોવાને તનથી
પ્રીતરડી—ઓ.

ગરબી—૧૪૫ (રાગ ઉપરનો)

તારા શંગમાં કાંના હવે ની ખેલુ,
તારૂ મન તો રેછે સદા મેલુ—તા૦
વાટેને ગાટે વાલા આળ કરો છો કોઇ દેખે તો રઈ જાય
જનમ ટેલુ—તા૦
નીત ઉઠનેવાલા શીદરે સંતાપો તારૂ ચરીત્ર રયુ સદા ગેલુ તા૦
તારા વીના મને ગડી નાં ગોઠે કાંમણ કરે તુ કોક મેલુ—તા૦
જુમનાની તીરે વાલા તમે કાલ આવજો,
દુધ સાકર લઈ આયો વેલુ—તા.
ગોવાનો શાંમી પરવશ થયો છે ગોપીઓનુ ગર તેને નાંમેલુ—તા૦

ભજન-૧૪૫. (ભઇઓ મારા સાંતી પમાડે તેને સંત કઇએ એ રાગ.)

ભઇઓ મારા સમજી મગન થઇ રહીએ આવરણના ઘેર શીદ જઇએ.
ગુંરૂ મલાને ગાંન બતાયા પસે ગોથાં શીદખઇએ, ભ.
ઉનુ ઉનુ ખાવા મળુ તો ટાઢુ ખાવા શીદ જઇએ. ભ.
અસત વસતુનો અપમાંન કરીને સત વચતુ લઈ લઇએ,
ઉનુ પાણી કોઇ નાવા આપે તો તળાવે નાવા શીદ જઇએ. ભ.
ભજન કીરતન સાંભળવા જઇને ઉંઘો નો જઇએ,
માંન સરોવર આવી મળુ તો તેને તજી કેમ દઇએ. ભ.
ભગતી ગોવા હરીની મુકી ઠઠા મશકરી ત્યાંના જઇએ,
સાંત અનુભવી સંત મળે તો તેના ચેલા થઈ રઇએ ભ.

ભજન-૧૪૬. (રાગ ઉપરનો)

તું તો અલા સમજા વગર મત તાણે હજુ ખરી વસ્તુ ના જાણે.
દરીઆ કુવાનો ડેડકા મળા તો સઉ સઉનું વખાંણે,

કુવાનો વાશી કુવાનું જાણે દરીઆનું શું એ પરમાણે. તું.
ચીબરી પોપટભેગા થયા તો કોયનું સાચુ નહી માને,
સુરીએની ઓપમા પોપટ વખાંણે ચીબરી તેનો જોને. તું.
અંધના હાથમાં આરશી આપો તો મુખને કેવો જાણે.
દેખતા હોય તે તેનું જાણે રૂપ તેનુ પ્રમાણે,-તું૦
જ્ઞાની ગોવાને સાચા મલે તો તે તેનું જાણે;
મુરખના હાથમાં ખુચીયુ આયુરે તેમાં તરીલાં તાણે-તુ૦

ભજન-૧૪૭. (રાગ ઉપરનો.)

અલા તે તો સાચી વાત નથી જાણી, શીદ મરે તરીલાં
તાંણી--અ.
સમજયા વીનાની છાસ વલોવે ગમ કરા મારે તાંણી તાંણી,
માંખણુ તો સંત ખાઇ જાસે શીદને વલોવે તારૂ પાણી—અ.
ગાંચીના ગેરે બળધ હેડતો હેડવાની વાત જાણી,
હેડી હેડી સો વરસ હેડો પાટા સોડે દીઠ ગાંણુ—અ.
મુગો હોય તે મેલે મથતો ગાળીઓ કરે તાંણી તાંણી,
કોયનુ કયુ તે માંને નહી સમજયા વગર ધુળધાંણી—અ.
દુગ તો હોય તે જાગતાને બોલે જાગતો રોસે જાંણી;
ગોવા મુરખ મોહથી બોલે આપુકુ રો વખાણી—અ.

ભજન-૧૪૮. (રાગ ઉપરનો.)

ઓધવજી પ્રેમની વાત કેને કઇએ,
હરી વીના મરણે કીના રઈએ. ઓ૦

વાલો અમારા શું કરે છે તેની વાત કઇએ,
પ્રેમી ભગત તમે મળા તો ગોવીંદ ગોવીંદ ગઇએ. ઓ૦
વીઠલના સનેહી તમે મળા તો સંદેશો કઇ દઇએ,
કો ધીરધારી શુ કરે છે સમાચાર કઈ દઇએ. ઓ૦
બોલા ઓધવજી સુનો ગોપીઓ અકળાકળા તેની લઇએ,
પાંચ તતવથી પરસે વાલો તેમાં જઇને રઇએ. ઓ૦
બોલવું થોડું ક્ષમા કરીને સાંતીસેર રઇએ,
એક ઓળખાંણુ તેની કરીને એમાં મગન થઇ રઇએ ઓ૦
મીથા વાસના તજી દઈને શુખ દુખ સરખો સઇએ,
ગોવા ગોપીઓને સમાચાર લીધા સમજેથી સુખી થઇએ. ઓ૦

ગરબી-૧૪૯. (કાનજી તારી મા કેસે તો અમે કાનુડાં કઇશું,રાગ.)
વાલા અમને બપત પાડે જશોદાને કઈશું,
ગોકુળ તારૂ પડી મુકી મથુરાંમાં રઈશું હાંજીરે. વા.
જળ ભરવા અમે આયાં તારૂં શું બગાડું,
સાંનોમાંનો ગુપચુપ આઇ બેડું તે સંતાડયું. હાંજીરે. વા.
સરવે અમે નાતાંધોતાં ઉંડાં જળ જઇને,
લુગડાં અમારાં લઇને નાઠો સાંનોમાંનો રઇને. હાંજીરે. વા.
અલ્યા તું તો સાંટા ઉડાડે મસતાંન થઇને,
પારકી તુ તો ચોરી કરી બેઠો માંખણુ ખઇને હાંજીરે. વા.
કેવુ હોય તે કઇ લે રાંણી રૂક્ષમાણીને, તારા મનમાં
કપટસે તે રાજી થાપરણીને હાંજીરે. વા.

ગરબી-૧૫૦ (રાગ ઉપરનો)

જોને સખી આ બાળકડુ વાલુ કેવું લાગે,
સાનુમાનુ કેડે આવેસે માંખણ એતો માંગે હાંજીરે. જો.
કૃષ્ણ જાંને આ કાંનુ હશે જશોદાનુ લાગે;
તેને તો જોઈ જોઇને કાંમદે આપણો જાગે હાંજીરે. જો.
જુંમનાને તીરે કાલે રમતે જશોદા તેને વારે,
નાતે ધોતે નટુ આવડતુ ગારામાં ગોથા મારે હાંજીરે. જો. ૨.
મઇ વેચવા કાલે જઇતી તાંતો મલ્યારે;
વનમાં જારે તેડી જઇતો બતાવ્યુ આરપંપાર હાંજીરે. જો. ૩.
ત્યાંતાં તેને રૂપ બતાવ્યુ મોટો થઇને,
વાતતો તને કરતી નથી આવીસુ પચણીને હાંજીરે. જો. ૪.
ગોવાનો સાંમી દેખી ગોપીઓ રાજી થાયસે.
પુરણ ભગતી તેમની છે તે ગુણતેના ગાયસહાંજીરે. જો. ૨.

ગરબી-૧૫૧ (રાગ ઉપરનો.)

ગોવીંદ તારૂં ભજન કરી અમે રાજી થઇએ,
મોદ્ધ તારૂં સરણ મુકી બીજે ક્યાં જઇએ હાંજીરે. ગો.
તારા નાંમથી સુખ મલ્યુ તો તન મન સોપી દઇએ,
ખોટી આ જંજાળ છોડી તારા સરણે રહીએ હાંજીરે-ગો.
તીરત કાંઠો નાવા મળે તો બીજે શીદ નઇએ,
ગોકળ સરખું ગાંમ મેલી વનમાં રેવા શુ જઇએ હાંજીરે-ગો.
જીવની સેવા મુકી બીજે કેમ જઇએ;

મેલ્યાં બીજો દેવ પુજે કયાંથી સુખીઆ થઇએ હાંજીરે–ગો.
માત પીતાની સેવાં કદી મુકી નાં દઇએ,
શીલોતો છોડી ગોવા બીજે કેમ જઇએ હાંજીરે—ગો.

ગરબી–૧૫૨. (રાગ ઉપલો)

ખોટી બુદ્ધીના તુતો ખોટું કેમ દોડે;
રામનું નાંમ તારા નથી આવતું મોડે હાંજીરે—ખો.
લોકના માથે તુ તો ખોટો આયફત જોડે,
તને તો કોક જરા કે તો ગાળો પાછો ભાંડે હાંજીરે–ખો.
કાળ જે તારો ચીડાસે જાંણે ભાંગ પીય ગાંડે,
ભજન મુકી દઇ નીદ્રામાં ઘાંડે હાંજીરે–ખો.
આફ કોઇનુ થતુ હોય તો બળતરા થાય હીંડે.
ગરીબનુ સધરતુ હોય ને જીભ આડી માંડે હાંજીરે–ખો.
ભગતી ગોવા મુકી દઇનાં જશો આડે,
કરવત જમ લેઈ ખોટાને માંડે હાંજીરે—ખો.

ગરબી ૧૫૩

સેસે વસતુ નારે દેખે જીવનુ અગ્યનાંન જાને;
ખરી વસતુ ખોઈ બેઠો માફ કયુ માંનજોન. ૧
આડા મારગે તુતો ચાલે અવળુ ચડુ તાંન જોને;
ગુરૂ સરણુ હજુ જાને આવે તને ને સાંનજોને. ૨.
પાણી પરપોટો કાયા તારી સુ રાખે અભીમાંન જોને;
પળમાં તે તો ફુટી જાશે થાશે ફક મેદાંન જોને,
ગોવા શીખાંમણ માંની લેજે રાખ હરી પરધાંન જોને,
હાથે કરે સાથે આવે ફૂકાંય કાયા દાંન જોને.

ગરબી ૧૫૪

સપના જેવું સનસાર સેને માંત [illegible] બેઠા જોને;
શુભવણીમાં ભુલ્યા તમે કાળ કરીાય વેઠા જોને,
ગોવીંદ ગુણ ગાયા વીના કામ [illegible] કુડુ જોને;
સપના જેવું સનસાર સે [illegible] રૂડુ જેને.
મનખ્યા જનમ ફરી ની [illegible] રાખ ટેક જોને,
રણુ કમાયુ પછી રેશે પઈ [illegible] એક જોને.
જુઠી માયા ખાલી ચડાવો [illegible] છે કાતી એક જોને,
ગોવા પરભુ નામ વીના બીજ [illegible] જોને.

છુપ્પા ૧૫૫

ડાહ્યો પુરૂષ જેનું નામ સઉ[illegible] હળીમળી ચાલે.
ડાહ્યો પુરૂષ જેનું નાંમ કોઈમાં વીરોધ નાં [illegible],
ડાહ્યો પુરૂષ જેનું નાંમ સઉને સારે રાજી.
ડાહ્યો પુરૂષ જેનું નાંમ હાલમાં દયા છે જાજી,
ડાહ્યો પુરૂષ જેનું નામ ગરીબની દયા રાખે.
ડાહ્યો પુરૂષ જેનું નાંમ અભીમાન જરા નાં રાખે,
ડાહ્યો પુરૂષ જેનું નાંમ પાપથી સદા ડરતો.
ડાહ્યો પુરૂષ જેનું નાંમ પુનમા ટેકો કરતો.
ડાહ્યો પુરૂષ જે ગામ માંય સુખે સઉ રેશે,
ટકુ માણસ બોલે તોય ગોવા તે હીએ ની લેશે.

ગરબી–૧૫૬. બુઢ્ઢ થાવાનો ડોળ સંતો જાણજો–એ રાગ.

ઝઉઓ વેમનુ તે ઓષડ નહી મળેરે,

એના શરીરના રોગ ના ટળેરે—ભ.
વેમે વેમે ગાંડા થઇ તે ફરેરે,
વેમ કાઢેથી તેનું દુખ ફરેરે—ભ૦
હવે પેશી જ્યાસે એનામાં ભુન્ડુરે,
એક બનાવો અડદનું પુતળુરે—ભ૦
બેશી દીવને ધુણુસેરે; ધરગાનો દશમો ભાગ તેને પુગુશેરે-ભ.
કે તો છોકરો કપુત કે અગની ચરેરે,
ચોર લઇ જાય કે હોડે હારેરે—ભ૦
પાપ ઉભરાંણુ ત્યારે વેમ નડેરે,
ગોવા ગોવિંદની કુચી નડેરે-ભ૦

ગરબી ૧૫૭. (રાગ ઉપલો)

સંતો ગામનુ દળીદર જુવો આવીયુરે;
સાથે છોકરાં કુટમ બધુ લાવીયુરે—સં૦
ધંધો ધારી તેને તો ના સુજેરે;
જુવો મારેને લોકની નીંદા બુજેરે-સ૦
તેના ગોળાનુ પાંણી નાં ભાવેરે;
કોઈ શીખામણ દે તો લડવા જાવેરે—સં૦
રાંધવાના કશા લે ધાંણીને ટોઠા આવેરે,
કથા કીરતનમાં તેને નાં ફાવેરે—સં૦
બેશી રેછેને ક્રમનો દોશ રાખેરે,
પછી પ્રભુ પોટલો ક્યાંથી નાંખેરે—સં૦

ગોવા તેવું ગોવિંદને નાં ગમેરે,
ધંધો કરે ભજનમાં મન રમેરે—સં૰

ગરબી-૧૫૮. (રાગ ઉપલો)

સંતો ભુંડું ભગતાંણુ આવી પેહુરે,
વીના વીચારે બેશી રહેવું લાગે મીઠું રે-સં.
બઇ ભગત થઇને હવે બેઠોરે,
નારી સારી હોય તેના ગરમાં પેઠોરે—સં.
કરે લુચાઇને ભગતી બતાવતોરે;
એતો ભગતોનુ નાંમ લજાવતોરે—સં૰
રાતે ઉજાગરા કરેને દાડે ઉગેરે;
હાંશી કરવા દુનીઆં કેમ નાં લાગેરે—સં૰
ક્રોધી કામી તેવું તો આદરેરે;
ગોવા પ્રભુ તેથી તેના ડરેરે—સં૰

ગરબી-૧૫૯. (રાગ ઉપલો)

ભજન કીરતન વીના તો કાંય નથીરે;
જેના દુનીઆં તો ગુણ ગાય કથીરે—ભ૰
ગોવીંદ ગાય ગ્યાન ગંગમાંરે રોમ રમી રયા પરભુ અંગમાંરે. ભ.
જેના દુનીઆ તો જસ ગાયછેરે તે ભગતનો મોક્ષ થાયછેરે. ભ.
કોઈના ભુંડે તે રાજી નથીરે તેને પરભુ જરા અળગા નથીરે. ભ.
ગોવા તેવા ભગતને પ્રભુ મળીઆરે તેના જન્મ ફેરા ટળીઆ. ભ

ગરબી-૧૬૦. જમ મારે નીત જપાટારે કોઇ ચેતનવાલા ચેતો-રાગ.

કાળના અજબ તડાકારે જેને ચેતવું હોય તે ચેતો,

મર તેની થાય ભડાકારે જેને ચેતવું હોય તે ચેતો.
એકવી હજાર સસે ફેરા મારે દીન દીન મારે દોટો,
મુડી તો તમે લઇ આવ્યાસો જાશો લઈ ખોટો કાળ.
ખાય પીએને કરે કલોલ રામ નાંમ નથી લેતો,
કાયા તારી કાચો ગડો ફુટી જાશે એ તો. કાળ.
ફરતો ફરતો પાપ કરતો ધરમમાં જીવ નાવે,
અંતકાળે તારી ખોટી દશા છે જમના ડંડા ખાવે કાળ.
ગાવા ભજન કરી લો તમે ખોટી દશા થાશે,
આ કાઆના ભરૂસા નથી જીવ પળમાં જાશે. કા.

ગરબી—૧૬૧. (રાગ ઉપરનો.)

ખોટી ખુશી તમારિરે ખોટે થાય શે શુ રાજી.
કાઆ કાચી તમારીરે નથી રેવાની તે જાણી.
માટીની આ કાઆ બનીસે પાંણીનો પરપોટો,
મન લેશુ તુ કરે ગર્વરૂ અંતે સે તોય ટોટો. ખો.
માન તુ મારૂ કહ્યુ હરીનુ ભજન કરજે,
પેટમાંથી મોઠો મળ્યો પુનવરો કરજે. ખોટી. ૨.
જોયુ એટલુ સરવે જાવાનુ રેવાનું નથી કોઇ,
સત્રપતી ચાલ્યા ગયા હાથ ધોઈ ખો. ૩.
જોવા તમે ટીક રાખી ભગતી લેજો માણી,
સંસારનાં દુખસુખ જોઇ નાં થશો તમે રાજી. ખો. ૪.

ગરબી—૧૬૨ (રાગ ઉપરનો)

તરવો ભઉ માસાગરરે તારા સાથે સારા લેજો,

પળમાં પડી જાવાનુરે તે તો બીતી તમે રેજો. ત.
હાહો કરતાં હેડુ આયુશ એતો બીતી મોટી,
ભજન વીના ફરતો ફરે થાય શીદ ખોટી. ત. ૧.
તારી માયે જનમ આપ્યો મીથા કાડા તારો,
રામ નાંમ હયે નો આવે ધરતી બારે મારો. ત. ૨
હણી બુધના હેણુ હેડે હણામાં તું રાજી,
ભજન તું તો કરતો નથી જમરાસે દાજી. ત. ૩
ગોવાએ તો ગોવીંદની ભગતી તેને માજી,
તેને ભઇઓ બીક શેની વાલો રેશે ગાજી. ત. ૪

ગરબી–૧૬૩, (રાગ ઉપરનો.)

ડુબે નાવ તારૂંરે ઉદ હજી કેમ ઉગે,
ભઉમાં ડુબી હેડસુંરે તે તો વીસારી મેલ્યું રૂગે. ડુ૦
સત તને ગણું જગાવે તોય તું નાં જાગે,
ધરમ રાજા પુનનો રસ તો તારાપાહે માગે. ડુ. ૧
લખ ચોરાશી ફરતો ફરતો મનખા જનમ આયો,
તે તો તારો એળે હેડો બધો તે ગમાયો. ડુ. ૨
આ તો બાજી આવી છે જો જે ચુકી જાતો,
જાજ પાછું ડુબશે તોરે પાસો થઈશ રખડતો. ડુ. ૩
ગોવાને તો બીક લાગી ગંભોર થઇને ગાઢો,
ગોવા ગોવીંદ નાંમ લેતો નાવ ચલાવી નાઠો. ડુ. ૪

ભજન–૧૬૪. (ભજનમેરે પંખી રામ નામથી તરી જાવુ એ રાગ.)

માંન તું મન મારુરાજ પલકમાં મરી જાવું,

રેવાનુ નથી આઈ કોઇ અંતે તો ત્યાં જાવું,
મોટો નગર શેઠ રાજા રાજ ચલાવે,
તે તો સઉ જાય સંગમાં કોઈ ના આવે—મા.
જ્યાં જોઉ ત્યાં દુખ સુખીઆ કોઇ નથી;
જાણે સરવે લોક કહુ હું શુકથી—મા.
સપનાનુ આ સુખ દેખી શુ થાવો રાજી,
ચુકયા જો આ પળ હાથથી જાશે બાજી—મા.
મરવું જાણુ સઉ લોક હીએ તોયે ના અડે;
દીવો હાથમ. લઇ જઇ કુવે પડે—મા.
ગોવા ગા ગોવિંદ વાર ન કરજો જાજી,
ચુકે તો આ જાય હાથથી ચડી બાજી—મા.

ભજન ૧૬૫. (રાગ ઉપલો)

શુપી છે માહરાજ લાજ તો છે તને;
જેને શાંમળીઓ છે શેઠ ચીતા શાંની એને;
તું તો ગરીબોનીવાજ લાજ તો મારી રાખો.
આ ખોટુ ખરૂ માહરાજ બાંનાની પત રાખો.—છુ.
હુ હતો જ્યારે ગર્ભવાશ ત્યારે મને ઉગારો,
હવે આપીને અવતાર વાલા કેમ વીશારો—છુ.
અવતરતાં માહરાજ લાવીને દુધ મુકયો,
ટેમશર આપ્યા દાંત વાલા તુ નથી ચુકયો—છુ.
કરજો મારી સાય હાથ જોડી કુસુ,
ગોવો લાગે પાય સરણુ તારા લઉસુ.

ગરબી-૧૬૬ (રાગ ઉપરનો.)

ગોવીંદા ગોપાળ તારા તો ગુણે ગઇએ,
અમે કાલાબોબળા મહારાજ સરણે તો તારા રઇએ,
અમે સુખી દુખી મહારાજ તને તો કઇએ.
મારે કુટુંબ કબીલો તુ સરણેતો તારા રઇએ. ગો. ૧.
દુખ વેળાના બેલી વીશારી નાં મુકો,
અવતાર આપ્યો છે તારો તો નથી છુટકો. ગો. ૨.
ભગતને દુખ થાય બાંનાની હાંશી થાશે,
જગતપતી મહારાજ તારૂ તો બીદ જાશે. ગો. ૩.
કર્યાં આગળ ગણાં કામ વીશવાશ આયો તારો,
સ્તુતી શમરૂતી વાકય ગુણ તો ગાય તારો. ગો. ૪.
ગોવાની વખત મહરાજ કેમ હઠ ઝાલો,
આવોને વારે આજ બુડતી બાંય ઝાલો. ગો. ૫.

ગરબી-૧૬૭. (રાગ ઉપરનો)

પવનનો શો વિસવાસ પળમાં નીકળી જાશે,
કાચી કાયા કુંભ પલકમાં ફુટી જાશે. પ.
જેનો વીશવાશ નથી લગાર તેનો તુ ગરવ કરતો,
કાળની મોટી ફાળ તેનાથી તુ નથી ડરતો. પ. ૧.
લેને રામનું નાંમ તે તો સે સાચુ,
બીજુ ફાંગટીઆ કાંમ અંતે સે સઉ કાચુ. પ. ૨.
તું વીચાર કરીને આજ ગોવીંદનું ગા ગાણું,
આ બધુ આળપંપાળ જાયસે ખરૂ ટાંણુ. પ. ૩.

જેને લીધુ નીરખે નાંમ સાચુ તે રળીઆ,
ગોવામાંની લેજે સત ચોરાશી ફેરા ટળીઆ. પ. ૪.

ગરબી-૧૬૮. (શીદને રોકો સો વાટમાં—એ રાગ.)

વાટમાં જાતાં અલ્યા રોકમાં કાનુડા તુતો વાટમાં જાતાં રોકમાં,
તને જોરાવર વાલા ચારનો દીઠો નાંશીશ નહી હાથ ડોકમાં. કાં.
શેટો રે તુ સેલ સબીલા હાર આપુ હીયાનો હોડમાં. કાં. ૨.
અમારૂ કયુ હવે કેમ ન ધરાવે, આવીશુ કાલ તારી જોડમાં.કાં.૨.
ગોવાનાં સાંમી તને સંગે લેઇને આવીશુ નાવા કાલ નીરમાં કાં. ૪.

ગરબી-૧૬૯. (રાગ ઉપરનો)

આજ તો અમારે લેર છે,
પ્રભુજી આયા આજ તો અમારે લેર છે;
ગોવીદ વાલા રસોઇ તમારી જમવા આવો મારા ગેર છે—પ્ર.
પકવાન શાખ રૂડી રસોઇયો, એ તો તમારી મેર છે—પ્ર.
જોવુ હોય તો જોવા ચાલો, રૂડુ અમારૂ શેર છે—પ્ર.
ગોવાનો શાંમી જેને મળીઆ સંસાર બધો જેર છે—પ્ર.

ગરબી. ૧૭૦. શીદને રોકોછો વાટમાં જાવાદે પ્રભુ શાને—એ રાગ.

શીદને રોકે છે વાલા અમને જાવાદે પ્રભુ કેવું પડશે તમને.
સંગાથ અમારે સખીયોનો જાય છે, લાજ નથી જરા તમને—જા.
તુ તો આવીને વાલા વાટમાં ઉભો છે;
હજુ નથી ઓળખતો અલ્યા અમને—જા.
બીજી નારીઓને તુ તો સતાપતો ફરે,
એ રાંડોમાં જશ દમને—જા.

ગોવાના શાંમી શીદ ખોટી કરે છે,
આ તન તો ભળશુ છે મે તમને—જા.

ગરબી-૧૭૧. (રાગ ઉપરને.)

જમુનાના તીરે ક્યાંથી આવીઓ. કાંનુડા તું તો૦
પરનારીને તું આવી વળગે, તને તોફીઓ મે બોલાવીઓ. કા
સટેલ છોકરા તારી માને કઇશું મારા રૂઢીઆમાં તો ભાવીઓ. કા.
જેણ્ણી જેણ્ણી તું તો બાંસરી બજાવે, ગોવો ગીરધર તું તો લાવીઓ. કા.
તારાં લાડ જસોદાને ગમે ગોવા ભગતને તું તો ભાવીઓ. કા.

છપ્પા—૧૭૨.

ચડયો પઇશાનો મધ મધમાં ફુલ્યો ફરતો,
ચડયો પઇશાનો મધ પાપથી જરા નથી ડરતો.
ચડયો પઇશાનો મધ ગરીબનું બોલ્યું નાં ગમે,
ચડયો પઇશાનો મધ ભગતને તું નાં નમે.
ચડયો પઇશાનો મધ રામનું નામ નથી ગમતું,
ચડયો પઇશાનો મધ કરે તું તને ગમતું.
ગોવા કહે ભજો રામ નામ છે સારૂં,
ફોગટ છે આ ફંદ આમાં ક્યાંય નથી તારૂં.

છપ્પા-૧૭૩.

ભણ્ણીને થયો હુશીઆર આખર કામ ન આવે,
માથે જમનો માર પછે કોણુ છોડાવે.
ભણ્ણીને બેઠા અપારમા મોત તેતો વીસારી મેલ્યું,
આચો ઓચિંતો કાળ મડદાને બાળી મેલ્યું.

જેને ભણ્યાનું અભીમાન તે તો ખોડ છે મોટી,
જેને ભજન વીનાનો અવતાર ખાલી થાય છે ખોટી.
ગોવા ગોવીંદ નાંમ સમરો હેત ધરીને,
કરો મન વીચાર જાવું કાલ મરીને.

છપ્પા—૧૭૪.

પુરો કરમચંડાલ ભજનમાં ભંગ પાડે,
પુરો કરમચંડાલ કોઇનું સગપણ તોડે.
પુરો કરમચંડાલ પીતરૂઇમાં વાંધા ઘાલે,
પુરો કરમચંડાલ પુનમાં આડી જીભ ઘાલે.
પુરો કરમચંડાલ પારકે બુરે રાજી,
પુરો કરમચંડાલ નિંદા ગમે જાજી.
પુરો કરમચંડાલ ભાઇમાં આતરો રાખે,
પુરો કરમચંડાલ દીલમાં દયા નાં રાખે.
એવા કરમચંડાલ હીએ સદા બળશે,
જીવતે પામે દુખ ગોવા તે નરકે જશે.

છપ્પા-૧૭૫.

મુરખ પુરૂષ હોય મતલબથી કોય ન જાણે,
મુરખ પુરૂષ હોય ડાહ્યાનું કહ્યું ન માને.
મુરખ પુરૂષ હોય પોતાનો મતજ રાખે,
મુરખ પુરૂષ હોય કોઇનું માન ન રાખે.
મુરખ પુરૂષ હોય વાગ્યે સાન ન આવે,
મુરખ પુરૂષ હોયે પાંચમાં બેઠું ન ફાવે.
મુરખ પુરૂષ હોય કોઇને ડાહ્યો નથી કેતો,

મુરખ પુરૂષ હોય પોતાના તાનમાં ફરતો.
મુરખ પુરૂષ હોય કોઇથી હળીમળી ન ચાલે,
કહે ગોવા એ મુરખને શીખામણ કુણ આલે.

છપ્પા-૧૭૬.

તમે બતાવો જે રામ રામનું રૂપ છે કેવું,
તમે બતાવો જે નામ મારે તો પકડી લેવું.
જ્યારે ન હતા પંચ મહાભુત જડતા ક્યાંથી આવી,
જગતનો કર્તા કુણ બતાવો ચકહી લાવી.
આત્માનું શું છે રૂપ બતાવો તમ પંડિતા,
શબ્દ ક્યાંથી આયો શબ્દ તો કુણ દેતા.
કહે ગોવા સુનો સાચું છે સતનામજી,
સાગર પરપોટા થાયને પુટે માંયના માંયજી.

છપ્પા-૧૭૭.

હરીથી ચોટયો લક્ષ લક્ષમાં નામ છે ન્યારા,
હરીથી ચોંટયો લક્ષ શીવગુણ નામ ચમારા.
હરીથી ચોંટયો લક્ષ જગત તો નજરે ન આવે,
હરીથી ચોંટયો લક્ષ ફોગટ ફંદ ન ફાવે
હરીથી ચોંટયો લક્ષ તે તેનામાં રમતો,
હરીથી ચોટયો લક્ષ એક વીના બીજો ન ગનતો,
તમે જુઓ દીલ માંય છે સૌ દેવા,
ગોવાને મલ્યા ગોવિંદ સદા તે કરે સેવા.

ગરબી—૧૭૮.

પ્રેમની પ્રેમની પ્રેમનીરે મને લાગી કટારી પ્રેમની—એ રાગ.

ખોડ છે ખોડ છે, ખોડ છેરે એક ભજન વિના મોટી ખોડછે
જાય છે જાય છે જાય છેરે ભજન વીના આયુષ નેઠી જાયછે
ડાહ્યો થઈ દુનિયામાં ફરતો ખાલી ખોટી તું થાય છેરે,
ગરીબ સતાઇજોને ધન ભેગું કીધું નરકમાં અંતે જાયછેરે—એ.
મોત વિસારી તું તો મનમાં માલતો કાલ તો ફેરા માથે
ખાય છે રે—એક.
ગોવાના સ્વામીને હેતે સમરશે એતો વઈકુંઠમાં જાયછેરે—એક.

ગરબી—૧૭૯. (રાગ ઉપરનો.)

રામની રામની રામનીરે જેને લાગી છે મોહની રામની,
કામની કામની કામનીરે દુનિમાં નથી તેના તો કામની,
લાગી પ્રલાદ તેને પિતાને તજ્યા સગઇ રાખી એક રામની-જેને.
દુનિયામાં ભભીક્ષણુકુ લાગી ભઇકું તજ્યા;
મળ્યા જઈ રામનેરે—દુનિ.
વિદુરને ઘેરે જ્યારે પ્રભુ પધારયા નારીને લુગડાનું તો
ભાનનેરે—દુનિ.
વીસવાસીને વાલો આવી મલીયા બલીહારી તેના નામનેરે—દુ.
કેડ બાંધી ગોવા ગોવિંદ ભજી લ્યો;
આંય તો આપણો ઠામનેરે—દુનિ૦

ગરબા—૧૮૦.

જાયછે જાયછે જાયછેરે કાન મુકી અમન કયાં જાયછેરે,
થાયછે થાયછે થાયછેરે તારા વિના ભટકણુ અમન થાયછેરે.

પરણેલાંને પાળવા જણેલાને જીવાડવાં હવે નાશી કેમ જાયછેરે,
નીત નીન આવી કેમ મોહ ચડાયો હવે અળગું રહેવાનું
મન થાયછેરે. તારા.
બાંધેલી પ્રીત કેમ હવે તોડો તને દેખી આનંદ મને થાયછેરે.
ગોવાના સામી તમે મુકી ન જાઓ ભક્ત કીરતન તારા
ગાયછેરે. તારા.

ભજન ૧૮૧.

દેને મજુરી મારી મારા સામળારે તારાથી મેતો હવે પ્રીત કરી.
શા માટે રાખો આવા અમળારે, તા.
શો છે દોશ તું તો કેને મારા વાલમારે. તા.
મારું નાણું આપતાં તને ન રોકે તારી મારે. તા
એકવાર કો દેખાડો દેહ ફરી કેમ ન આવેરે. તા.
તારા ઢંગ આવા વાલા શરણે કુણ આવેરે. તા.
નરસીયાની વારે વાલા બડી ઘડી જાતોરે. તા.
તે દાડે તું તો તેનો તે બીજો કાંય નોતોરે તા
ભકતોથી રાખે ભેદ. તને જાજુ શું કહીયેરે. તા.
તારો ભરુસો સદા મને તારા સરણે રઈએરે
તું તો મારા નજરે પડેલો હવે મુકી કેમ દઈએરે. તારા.
ગોવાએતો આ ફરતો આવશે તેના શરણે રહીએરે. તારા.

ભજન ૧૮૨ (મત મારોરે કાના કાંકરલી.)—એ રાગ.

કાના નાચોરે રોટલી આપું માંખણ ભરી,

થેઈ થેઈ નાચ્યા જરા નખરાં કરી. કાના૦
હાથમાં બંસી લેઈ વાલા બજાવો,
વાટ જોતીતી ક્યારની હરી. કાના૦
તમે વાલા લટકો કરીને બતાવો,
દુધ સાકર પાવું પ્યાલો ભરી. કાના૦
મીઠા મધુરથી ગીત ગાવો, પીળું પીતાંબર અંગે ધરી-કાના૦
નીત નીત વાલમ મારા ઘેર આવો,
તને દેખી મારી આંતરડી ઠરી. કાના૦
મુરતી મનોહર માથે મુગટ ધરાવો,
ચીત હરયું ગાવાનું મોરારી. કાના૦

ભજન ૧૮૩

બગલા ભગત તો કળીમાં ઘણા મળેરેજી,
હાંરે લુચા સાની લુચાઈઓ કરેરે. બગલા૦
તાલ મેલ તંબુરે વાણી નીરગુણ માયરેજી,
હાંરે જીવતા મુકતી તે ક્યાંથી કરેરે. બગલા૦
તેને દેખી લોક નંદાયો કરેરેજી,
હાંરે કપટી ભકતાનામ લજાવેરે. બગલા૦
હંસ ભગતતો હોડે કોક મળેરેજી,
હાંરે તેને દેખીને મારાતો ભીતર ઠરેરે. બગલા૦
કંચન કસુર ભઠયો શું નીકળેરેજી,
હાંરે વીરલા જીવતે અમરાપૂર ફરેરે. બગલા૦

ર મુકી ગોવા ન્યારા ફરેરેજી,
છે જમડા તેને શું કરેરે. બગલા૦

ભજન ૧૯૪

ર ચરણે ચીત લાગસું રામ લીધી ફકીરી એ નામની - એ રાગ.

ભકતી મને ભાવીરે મન મારૂંરે ઠરયું,
ય કરજો તમે આવીરે. મન૦
ાડા મારા આસા ભંગ ન કીજીએ,
દયા દીલમાં લીજીએ. મન૦
ાડા મારા સંસારી સુખ અંતે ખાટું.
શરણું તારૂં મોટુંરે. મન૦
વાલીડા મારા તને તો નીરગુણ કહીએ,
શિવ ગુણ થઇ દરસન દઇએરે મન૦
વાલીડા મારા આયા વીના છુટકો નથી,
તને શું કહું ઝાઝું કથીરે. મન૦
વાલીડા મારા જુઠો સાચો ભકત તો તારો,
છુટકો નથી તમારોરે. મન૦
વાલાનું રૂપ જોવા આંખ્યો ફરે છે મારી.
તમે લેજો જગ વીચારીરે. મન૦
વાલીડે આવી ગોવાને દરસન દીધાં,
ના પાપ હરી લીધારે મન૦

...ધ તુમ જાનતકો પટ ચટકી)—એ

...આમાં છે સાચું,

...ત સુખ સ્વપ્નાં જેવું છે કાચું. રામ૦

દુવા દો દીનકી ખાદસે જીવડા, ઘર રચેલું છે કાચું.

કાલનો ઉધારો શું કોઈ રાખે, પલમાં ફાટી જાસે ડાચું. ૧

આ ઉદ્યમ કરૂં બીજો ઉદ્યમ કરૂં સરવે ધારેલું કાચું,

આજકાલ કરતાં કાળ ચાલ્યા ગયા, ઓચીંતુ પીયાણું પાચું

જુઠું સઉકો જાણે તોયે માની બેઠા સાચું,

એક હરીનું શરણું લીધા વિના સરવે સુખ છે કાચું. રામ

ખપી કલપના છોડી દે ગાવા આમાં શું છે સાચું,

એક સામળીયાથી પ્રીત કરી લે, બીજુ સકપણ કાચું. રા

સમાપ્ત.